RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 330* Date: 27.09.2021 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદીએ સંયુક્ત રાષ્ટ્ર પર પણ હુમલો કરતાં સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના વિસ્તાર પર ભાર મૂક્યો

# ભારતની પ્રગતિથી વિશ્વના વિકાસને વેગ મળશે : મોદી

સંયુક્ત રાષ્ટ્ર , તા.૨૬

વડાપ્રધાન મોદીએ સંયુક્ત રાષ્ટ્ર પર પણ હુમલો કરતાં સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના વિસ્તાર પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રે પોતાને પ્રાસંગિક બનાવી રાખવું હશે તો તેણે પોતાની અસરકારક્તા સુધારવી પડશે. વિશ્વસનિયતા વધારવી પડશે. યુએન સામે આજે અનેક પ્રકારના સવાલો ઊભા થઈ રહ્યા છે. આપણે જળવાયુ સંકટ અને કોરોના મહામારી દરમિયાન આ સવાલો જોયા છે. દુનિયાના અનેક ભાગોમાં ચાલી રહેલા છદ્મ યુદ્ધ અને વર્તમાન અફઘાન સંકટે આ સવાલોને વધારી દીધા છે.

ભારતના મહાન રણનીતિકાર ચાણક્યે કહ્યું હતું કે યોગ્ય સમયે યોગ્ય કામ કરવામાં ન આવે તો સમય જ તે કામની સફળતાને નષ્ટ કરી દે છે. સંયુક્ત રાષ્ટ્રે પોતાને પ્રાસંગિત બનાવી રાખવી હશે તો તેણે પોતાની પ્રભાવશીલતામાં સુધારો કરવો પડશે અને પોતાની વિશ્વસનીયતા વધારવી પડશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૬મા સત્રને સંબોધન કરતાં આતંકવાદના મુદે પાકિસ્તાનનું નામ લીધા વિના તેની ઝાટકણી કાઢી હતી અને ચીનની પણ ટીકા કરતાં કહ્યું કે આપણા સમુદ્ર આપણી સંયુક્ત વિરાસત છે, તેથી આપણે એ ધ્યાન રાખવું જોઈએ કે ઓસિયન રિસોર્સનો આપણે ઉપયોગ કરીએ, દુરુપયોગ નહીં. અફઘાનિસ્તાનનો મુદ્દો ઊઠાવતાં પણ તેમણે ફરી એક વખત કહ્યું કે, અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ આતકંવાદ ફેલાવવા માટે થવો જોઈએ નહીં. આ સિવાય વડાપ્રધાન મોદીએ કોરોના, જળવાયુ પરિવર્તન, લોકતંત્ર જેવા મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકા પ્રવાસના અંતિમ દિવસે સંયુક્ત રાષ્ટ્રના ૭૬મા સત્રને સંબોધન કરતાં કહ્યું હતું કે અફઘાનિસ્તાનની ધરતીનો આતકંવદા માટે ઉપયોગ ન થાય તેનું આપણે ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. વધુમાં આપણે એ બાબતે પણ સાવધ રહેવું જોઈએ કે ત્યાંની નાજૂક પરિસ્થિતિઓનો ઉપયોગ કોઈ દેશ પોતાના સ્વાર્થ માટે આતંકવાદનો એક ટૂલની જેમ ઉપયોગ ન કરે. અત્યારે અફઘાનિસ્તાનની જનતાએ ત્યાંની મહિલાઓ, બાળકો અને લઘુમતીઓની મદદ કરવાની જરૂર છે.

આપણે પણ તેમાં આપણી જવાબદારી નીભાવવી જોઈએ. વડાપ્રધાન આતંકવાદ મુદે પાકિસ્તાનનું નામ લીધા વિના તેના પર નિશાન સાધતા કહ્યું કે વિરોધી વિચારસરણી સાથે જે દેશ આતંકવાદનો રાજકીય ઉપરણરૂપે ઉપયોગ કરી રહ્યો છે તેણે સમજવું પડશે કે આતંકવાદ તેમના માટે પણ એટલું જ મોટું જોખમ છે. આજે વિશ્વ સામે વિરોધી વિચારસરણી અને કટ્ટરવાદનું જોખમ વધી રહ્યું છે. આ પરિસ્થિતિઓમાં આખા વિશ્વે વિજ્ઞાાન આધારિત તર્ક સંગત અને પ્રગતિશીલ વિચારસરણીને વિકાસનો આધાર બનાવવો પડશે. પીએમ મોદીએ ચીનનું પણ નામ લીધા વિના તેની વિસ્તારવાદી નીતિની ટીકા કરી હતી. તેમણે કહ્યું, આપણા સમુદ્રો આંતરરાષ્ટ્રીય વેપારની જીવાદોરી છે.

સમુદ્રી સરહદોનો દુરુપયોગ ન થવો જોઈએ. આપણે સરહદોની વિસ્તારવાદી વિચારસરણી સામે અવાજ ઊઠાવવો જોઈએ. ચીનની સરમુખત્યારશાહી વ્યવસ્થાને દર્પણ બતાવતાં વડાપ્રધાને ભારતના લોકતંત્રના ભરપૂર વખાણ કર્યા



હતા. અમેરિકાના ઉપપ્રમુખ કમલા હેરીસે દુનિયામાં લોકતંત્રો જોખમમાં મૂકાયા હોવા અંગે કરેલા નિવેદન વચ્ચે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, તેઓ એવા દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે જેને લોકતંત્રની માતા બનવાનું ગૌરવ હાંસલ છે. ભારતમાં લોકતંત્રની પરંપરા હજારો વર્ષો જૂની છે. અમારી વિવિધતા અમારા સશક્ત લોકતંત્રની ઓળખ છે. ભારત એક એવો દેશ છે જ્યાં અનેક ભાષાઓ છે, સેંકડો બોલીઓ છે, અલગ અલગ પહેરવેશ અને ખાન-પાન છે. આ વાઈબ્રન્ટ લોકતંત્રનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમણે વધુમાં કહ્યું કે એ ભારતના લોકતંત્રની જ તાકત છે કે એક સમયે રેલવે સ્ટેશન પર ચા વેચતો એક નાનો બાળક આજે ચોથી વખત વડાપ્રધાન તરીકે સંયુક્ત રાષ્ટ્રને સંબોધન કરી રહ્યો છે.

## વડાપ્રધાન મોદીના યુએનજીએ સંબોધનમાં કોઈએ તાળી પણ ન વગાડી : ચિદંબરમ

નવી દિલ્હી , તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પાકિસ્તાન અને ત્યાંના વડાપ્રધાન ઈમરાન ખાનનું નામ લીધા વગર જ ખૂબ સંભળાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, જે પણ આતંકવાદનો ઉપયોગ કરી રહ્યા છે તેમણે પણ સમજવું જોઈએ કે તે તેમના માટે પણ ખૂબ મોટું જોખમ છે. અફઘાનિસ્તાનની સ્થિતિનો ઉલ્લેખ કરીને કહ્યું કે, આપણે તે માટે પણ સતર્ક રહેવાની જરૂર છે કે કોઈ પણ દેશ ત્યાંની નાજુક સ્થિતિઓનો પોતાના સ્વાર્થ માટે એક ટૂલ તરીકે ઉપયોગ કરવા પ્રયત્ન ન કરે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પોતાના અમેરિકી પ્રવાસના અંતિમ દિવસે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (દ્ગય્છ)ને સંબોધિત કરી હતી. વડાપ્રધાનના આ સંબોધનને ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાએ દેશને ગૌરવાન્વિત કરનારૂં ગણાવ્યું હતું ત્યારે કોંગ્રેસી નેતા પી. ચિદંબરમે તેને લઈ કટાક્ષ કર્યો છે. કોંગ્રેસી નેતા કપિલ સિબ્બલે પણ પીએમ મોદીના નિવેદનના બહાને યુપી અને આસામના મુખ્યમંત્રીને ઘેર્યા છે. કોંગ્રેસી નેતા અને રાજ્યસભા સાંસદ પી. ચિદંબરમે જણાવ્યું કે, વડાપ્રધાન મોદીના સંબોધન દરમિયાન કેટલીક સીટો જ ભરાયેલી હતી. વડાપ્રધાન મોદીના સંબોધન બાદ કોઈએ તાળી પણ નહોતી વગાડી. તેમણે ટ્વીટમાં લખ્યું હતું કે, 'જ્યારે વડાપ્રધાન મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરી ત્યારે મને ખૂબ જ નિરાશા થઈ કે, થોડીક બેઠકો જ ભરેલી હતી. તેનાથી પણ વધારે નિરાશા ત્યારે થઈ જ્યારે કોઈએ તાળી પણ ન વગાડી. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનું સ્થાયી મિશન ગરબડાઈ ગયું છે.' કોંગ્રેસી નેતા કપિલ સિબ્બલે ટ્વીટમાં લખ્યું હતું કે, 'દ્ગય્છમાં સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ ભારતને મધર ઓફ ઓલ ડેમોક્રસી ગણાવેલું, મને આશા છે કે યોગીજી (યુપીના સીએમ યોગી આદિત્યનાથ) અને હિમંત બિસ્વા શર્મા (આસામના મુખ્યમંત્રી) સાંભળી રહ્યા હશે.

## 'ગુલાબ' વાવાઝોડાને કારણે ઓડિશા-બંગાળમાં ભારે વરસાદ ઓરેન્જ એલર્ટ જાહેર

નવી દિલ્હી , તા.૨૬

વાવાઝોડાના કારણે ઓડિશામાં ૨૫ અને ૨૮ સપ્ટેમ્બરના રોજ હળવા વરસાદ સાથે અનેક જિલ્લામાં ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ (ૈંસ્ડ્ઢ)ના અહેવાલ પ્રમાણે ગુલાબ નામનું એક વાવાઝોડું રવિવારે સાંજે દક્ષિણી ઓડિશા અને ઉત્તારી આંધ્ર પ્રદેશના તટીય વિસ્તારોમાં ત્રાટકી શકે છે. આ બધા વચ્ચે વાવાઝોડાની તીવ્રતા વધી ગઈ છે અને યેલો એલર્ટને અપડેટ કરીને ઓરેન્જ એલર્ટ કરી દેવામાં આવ્યું છે. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ઉમાશંકર દાસના કહેવા પ્રમાણે વાવાઝોડાને લઈ આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં ચેતવણી જાહેર કરવામાં આવી છે.

ગુલાબ વાવાઝોડું દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્ર પ્રદેશના તટીય વિસ્તાર કલિંગાપટનમ પાસે રવિવારે સાંજે લેંડફોલ કરશે. આ દરમિયાન ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ઓરેન્જ એલર્ટમાં મધ્યમથી ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવતી હોય છે.

આ બધા વચ્ચે ઉત્તર-પશ્ચિમ અને તેને અડીને આવેલા પશ્ચિમ-મધ્યમ બંગાળની ખાડી પરનું ડીપ ડિપ્રેશન લગભગ પશ્ચિમ તરફ વધી ગયું જેથી ગુલાબ વાવાઝોડું વધારે તેજ બન્યું છે. ગુલાબ વાવાઝોડાના કારણે પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. કોલકાતા, હાવડા, દક્ષિણ અને ઉત્તર ૨૪ પરગણાની સાથે પૂર્વીય મિદનાપુરમાં મંગળવારથી ભારે વરસાદનું અનુમાન છે. કોલકાતા પોલીસે વાવાઝોડાનો સામનો કરવા માટે યુનિફાઈડ કમાન્ડ સેન્ટર નામથી કંટ્રોલ રૂમ ખોલ્યો છે.

## સુરક્ષા પરિષદ, એનએસજીમાં ભારતને સ્થાયી સ્થાન આપવા બાઈડેનનું સમર્થન

વોશિંગ્ટન , તા.૨૬

સંયુક્ત નિવેદનમાં ભારત અને અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા પ્રતિબંધિત બધા જ ૧૨૬૭ આતંકી જૂથો સહિત બધા જ આતંકવાદી જૂથો વિરુદ્ધ નક્કર કાર્યવાહીની માગણી કરી હતી. તેમણે સરહદ પારના આતંકવાદની ટીકા કરી હતી અને ૨૬/૧૧ના મુંબઈ હુમલાના ગુનેગારોને યોગ્ય સજા કરવાની પણ માગણી કરી હતી. પાકિસ્તાન સ્થિત આતંકી મૌલાના હાફીઝ સઈદની જમાત-ઉદ-દાવા ભારતમાં આતંકવાદ ફેલાવતા લશ્કર-એ-તોયબાનું મુખ્ય સંગઠન છે. આ સંગઠને ૨૦૦૮માં મુંબઈ હુમલાનું કાવતરું ઘડયું હતું. ભારતે અનેક વખત પાકિસ્તાનને હાફિઝ સઈદ સહિતના કાવતરાંખોરો સામે કાર્યવાહી કરવા માગણી કરી હતી. હાફિઝ સઈદ પર અમેરિકાએ એક કરોડ અમેરિકન ડોલરનું ઈનામ જાહેર કર્યું છે. દરમિયાન આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકામાં પ્રવેશ માટે ભારતીય વ્યાવસાયિકોમાં સૌથી લોકપ્રિય એચ-૧બી વિઝાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મુદ્દે પ્રમુખ બાઈડેનના પ્રયાસોની મોદીએ પ્રશંસા કરી હતી. ભારત અને અમેરિકાના દ્વિ-પક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં ભારતીય વ્યાવસાયિકોના યોગદાનને પણ મોદીએ બિરદાવ્યું હતું. તેમણે કહ્યું કે, ભારતીય વ્યાવસાયિકો અમેરિકાની સોશિયલ સિક્યોરિટીમાં નોંધપાત્ર યોગદાન આપે છે.અમેરિકન પ્રમુખ જો બાઈડેને વ્હાઈટ હાઉસમાં વડાપ્રધાન મોદી સાથે તેમની પહેલી વ્યક્તિગત દ્વિ-પક્ષીય બેઠક દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં ભારતના સ્થાયી સભ્યપદ અને ન્યૂક્લિયર સપ્લાયર ગ્રૂપમાં ભારતના પ્રવેશને સમર્થન આપ્યું હતું.

વ્હાઈટ હાઉસમાં બંને નેતાઓની બેઠક પછી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવાયું કે પ્રમુખ બાઈડેને પીએમ મોદી સાથેની બેઠકમાં ઑગસ્ટ ૨૦૨૧માં સુરક્ષા પરિષદના ભારતના મજબૂત નેતૃત્વની પ્રશંસા કરી હતી. દરમિયાન આ બેઠકમાં વડાપ્રધાન મોદીએ એચ-૧બી વિઝાનો મુદ્દો ઉઠાવ્યો હતો. ભારત અને અમેરિકાએ સરહદ પારના આતંકવાદની ટીકા પણ કરી હતી. બાઈડેન અને મોદીની બેઠક પછી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં જણાવાયું હતું કે, પ્રમુખ બાઈડેને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં સુધારાની જરૂરિયાત અને તેમાં ભારતના સ્થાયી સભ્યપદનું સમર્થન કર્યું હતું. બાઈડેનને સમર્થન સાથે સુરક્ષા પરિષદમાં સુધારા માટે ભારતના પ્રયાસોને બળ મળ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના આ શક્તિશાળી એકમમાં લાંબા સમયથી પેન્ડિંગ સુધારાની ભારત આક્રમક્તાથી માગ કરતું આવ્યું છે.

## વડાપ્રધાન મોદીની સંપત્તિ વધીને ત્રણ કરોડને પાર

નવી દિલ્હી , તા.૨૬

૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીએ કોઇ નવી સંપત્તિની ખરીદી નથી કરી. તેમણે ૨૦૦૨માં જે રહેણાંકી સંપત્તિની ખરીદી કરી હતી તેની વેલ્યૂ વધીને ૧.૧ કરોડ સુધી પહોંચી છે. આ એક સંયુક્ત સંપત્તિ છે જેમાં મોદીના શેર ચોથા ભાગના છે. કુલ ૧૪૧૨૫ સ્ક્વેર ફુટ સંપત્તિમાંથી મોદીનો ૩૫૩૧ સ્ક્વેર ફુટ પર અધિકાર છે. અટલ બિહારી વાજપેયીની ટર્મમાં સરકારે નક્કી કર્યું હતું કે દરેક કેન્દ્રિય મંત્રીઓએ સ્વેચ્છાએ પોતાની સંપત્તિને નાણાકીય વર્ષના અંતમાં સામે ચાલીને જાહેર કરવાની રહેશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંપત્તિ વધીને ૩.૦૭ કરોડે પહોંચી છે. ગયા વર્ષે મોદીની સંપત્તિ ૨.૮૫ કરોડ હતી. એટલે કે એક વર્ષમાં ૨૨ લાખનો વધારો થયો છે. નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટના ૮.૯ લાખ, લાઈફ ઈન્સ્યોરંસ પોલિસીના ૧.૫ લાખ, એલ એન્ડ ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ્સ કે જે તેમણે ૨૦૧૨માં ૨૦ હજાર રૂપિયામાં ખરીદ્યા હતા. ગાંધીનગરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જે ફિક્સ્ડ ડીપોઝિટ્સ હતી તેમાં વધારો થતા તેમની સંપત્તિમાં વધારો થયો હતો. પીએમ મોદી દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર જે ફિક્સ્ડ ડીપોઝિટ છે તેની સંપત્તિ ૧.૮૬ કરોડ હતી જ્યારે ગયા વર્ષે તે ૧.૬ કરોડની હતી. વડાપ્રધાન મોદીના નામે કોઇ જ વાહન નથી. તેમની પાસે સોનાની ચાર રિંગ છે કે જેની કિમત આશરે ૧.૪૮ લાખ રૂપિયા છે. તેમનું બેંક બેલેન્સ ૧.૫ લાખ છે જ્યારે તેમના હાથમાં રોકડ ૩૬ હજાર રૂપિયા છે.

**ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ**

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## ક્વાડ જૂથે ઇન્ડો-પેસેફિક દેશોમાં કોરોનાની ૭.૯ કરોડ રસી પહોંચાડી

વોશિંગ્ટન , તા.૨૬

કોરોનાના ઉદભવ મામલે થયેલી ચર્ચાને કારણે ચીન અને ઓસ્ટ્રેલિયાના સબંધો વણસ્યા હતા હવે ઓસ્ટ્રેલિયાના વિદેશ પ્રધાન મારિસે પાયને કોરોનાના ઉદભવનું કારણ જાણવા વધુ એક તપાસ કરવાની વાત કરતાં ચીને તેને આક્રમક પગલું લેખાવ્યું છે. આ વાઈરસના નજીકના સગાંઓ ચામાચિડિયામાં મળે છે તે બાબતે કોઇ શંકા નથી પણ ક્યારે અને કેવી રીતે આ વાઈરસ માનવમાં પ્રવેશે છે તે મોટા વિવાદનો મુદ્દો છે. એક એવી માન્યતા છે કે વુહાનના વેટ માર્કેટમાં આ વાઈરસ અન્ય પ્રાણીમાં અને ત્યાંથી માનવમાં પ્રવેશ્યો હોઇ શકે છે. પણ આને માટે બ્રિજ હોસ્ટ પ્રાણીનું હોવું જરૂરી છે. બ્રિજ હોસ્ટ ઘણાં માનવરોગોમાં જાણીતી બાબત છે. દાખલા તરીકે હેન્ડ્રા વાઈરસ ફલાઈંગ ફોક્સમાં ઢગલાંબધ હોય છે તેમાંથી તે ઘોડામાં પ્રસરે છે અને ઘોડામાંથી તે માનવને ચેપ લગાડે છે.દુનિયામાં કોરોનાના નવા એક લાખ નેવું હજાર કરતાં વધારે કેસો નોંધાવાને પગલે કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૨૩૨,૦૫૮,૮૦૯ થઇ હતી જ્યારે ૩,૩૧૫ જણાના મોત થવાને પગલે કોરોનાનો કુલ મરણાંક ૪૭,૫૩,૯૦૪ થયો હતો. યુએસએમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૪૩,૬૭૫,૨૧૩ થઇ છે જ્યારે મરણાંક ૭,૦૫,૩૬૦ થયો છે. દુનિયાના સૌથી વધુ શક્તિશાળી અને સંપન્ન દેશ યુએસએમાં કોરોના મહામારી ઓસરવાનું નામ લેતી ન હોવાથી ગઇકાલે કોરોનાના નવા ૧,૩૧,૦૦૭ કોરોનાના નવા કેસો નોંધાયા હતા અને બે હજાર લોકોના મોત થયા છે. ટેક્સાસમાં એક જ દિવસમાં કોરોનાના નવા તેર હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા અને સવા ચારસો જણાના મોત થયા હતા.ન્યુયોર્ક અને પેન્સિલવેનિયા સ્ટેટમાં પણ કોરોનાના નવા સરેરાશ પાંચ હજાર કેસો નોંધાયા હતા. જ્યારે ફલોરિડામાં નવા સાડાસાત હજાર કેસો નોંધાયા હતા. રશિયામાં પણ એક જ દિવસમાં ૮૨૨ જણાના કોરોનાને કારણે મોત નીપજ્યા છે.

## પંજાબમાં ૭ નવા મંત્રીને સ્થાન મળ્યું કેપ્ટનના ૫ ની બાદબાકી

નવી દિલ્હી , તા.૨૬

પંજાબમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. હાલ કેપ્ટન અમરિંદરસિંહ અને નવજોતસિંહ સિદ્ધુ બન્ને વચ્ચે મુખ્ય મંત્રીની ખુરશી માટે ખેંચતાણ ચાલી રહી છે. એવામાં કેન્દ્રીય હાઇ કમાન્ડે ચન્નીને મુખ્યમંત્રી બનાવીને સિદ્ધુ અને અમરિંદરસિંહના પાસા પલટી નાખ્યા હતા. જોકે હાલ કેબિનેટ વિસ્તરમાં આ બન્ને નેતાઓનું વર્ચસ્વ જોવા મળી શકે છે.પંજાબ સરકારમાં મુખ્ય મંત્રીની ખુરશીની ખેંચતાણ વચ્ચે કેબિનેટ વિસ્તરણની પણ જાહેરાત કરવામાં આવી છે. પંજાબની ચરણજિતસિંહ ચન્ની સરકારની નવી કેબિનેટમાં સાત નવા મંત્રીઓને સૃથાન આપવામાં આવી શકે છે. જ્યારે પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહ સરકારના જે પાંચ મંત્રીઓ છે તેમની બાદબાકી કરવામાં આવી શકે છે. રાજ્યપાલને મળ્યા બાદ મુખ્યમંત્રી ચન્નીએ કહ્યું હતું કે રવિવારે સાંજે ૪.૩૦ કલાકે નવા મંત્રીઓની શપથવીધી કરવામાં આવશે. જોકે રાજયપાલને ચન્ની મળ્યા તે પહેલા તેઓએ દિલ્હીમાં કોંગ્રેસ હાઈ કમાન્ડ સાથે પણ મુલાકાત કરી હતી જેમાં નવા મંત્રીઓના સમાવેશ અને જુના મંત્રીઓની બાદબાકી અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમનો કેબિનેટમા સમાવેશ કરવામાં આવશે તેમાં પ્રગટસિંહ, રાજ કુમાર વેર્કા, ગુરકિરતસિંહ, સંગતસિંહ, અમરિંદરસિંહ રાજ, કુલજીત નાગરા, રાણા ગુરજિતસિંહના નામ ચર્ચામાં છે.

## ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૯ હજાર કેસ

નવી દિલ્હી , તા.૨૬

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના નવા ૨૯,૬૧૬ કેસો સામે આવ્યા છે. જે સાથે જ કુલ કેસોની સંખ્યા વધીને ૩,૩૬,૨૪,૪૧૯એ પહોંચી છે. બીજી તરફ એક્ટિવ કેસોની સંખ્યામાં ૧૨૮૦નો વધારો થયો છે અને આંકડો ત્રણ લાખને પાર કરી ગયો છે. જ્યારે ૨૪ કલાકમાં ૨૯૦ લોકોના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૪૬,૬૫૮એ પહોંચ્યો હતો. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા હવે ૦.૯૦ ટકાએ પહોંચી ગઇ છે. જ્યારે રાષ્ટ્રીય સ્તરે રીકવરી રેટ ૯૭.૭૮ ટકા રહ્યો છે જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધુ છે. ૨૪ કલાકમાં એક્ટિવ કેસોની સંખ્યામાં ૧૨૮૦નો વધારો થયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# દીકરી જન્મે એને ત્યાં સાત સાત વિભૂતિઓ આવે છે

*પાર્વતીના હાથની રેખાઓ જોઇ નારદજીએ જેવા પતિનું વર્ણન કર્યું તે ભગવાન શંકર જ હતા.શિવજી સમાધિમાંથી બહાર આવ્યા અને વર્ષોની સમાધિ પૂરી થઈ ત્યારે એમના મુખમાંથી શબ્દ જે નીકળ્યો એ ‘રામ’ હતો! હું મારી રીતે એમ કહું કે આટલી મોટી સમાધિનું ફળ પણ હરિનામ છે. શિવજીએ સતીને સન્મુખ આસન આપ્યું. જીવ જ્યારે શિવની સન્મુખ થાય ત્યારે એનાં બધાં જ પાપો, દુરિતોનો નાશ થાય. સતી સન્મુખ બેઠાં છે. કથા શરૂ કરી. એક પછી એક રસપ્રદ કથાઓ સંભળાવવા લાગ્યા. એમાં દેવતાઓનાં વિમાન આકાશમાં નીકળ્યાં. સતીનું ધ્યાન કથામાંથી વિમાનમાં ગયું. શિવજીની કથા રોકી; ‘ભગવાન, માફ કરજો. આ બધાં વિમાનો ક્યાં જાય છે?’ શિવે કહ્યું, ‘સાંભળીને દુઃખ થશે, તમારા પિતાજી દક્ષ મહારાજ યજ્ઞ કરે છે. એ યજ્ઞ બદલો લેવા માટે કરે છે. મારે કારણે તમને નથી બોલાવ્યાં. દેવી, હું સમજું છું, મા-બાપને ત્યાં સંતાન વગર આમંત્રણે જઈ શકે. નીતિકારો કહે છે, મિત્રના ઘરે મિત્ર વગર આમંત્રણે જઈ શકે, ગુરુના સ્થાનમાં શિષ્ય વગર આમંત્રણે જઈ શકે. આવા સર્વકલ્યાણ કાર્યક્રમમાં કોઈ પણ વ્યક્તિ વગર આમંત્રણે જઈ શકે, છતાંય જ્યાં જવાથી આપણું અપમાન થાય, સામા માણસને ગમે નહીં, આપણું મન ખરાબ થાય, એવી જગ્યાએ ન જવું જોઈએ.’ ઘણું સમજાવ્યું મહાદેવે. સતી માન્યાં નહીં. સતી પિતાને ઘેર આવે છે. શંકરનું આટલું મોટું અપમાન જોઈને સતીએ પોતાના દેહત્યાગનો નિર્ણય કર્યો. યજ્ઞકુંડમાં પોતે આહુત થયાં. સતીએ પોતાના જીવનને પૂરું કરતી વખતે ઈશ્વર પાસે માગ્યું, ‘જે જન્મ મને મળે, સ્ત્રીનો જ મળે અને મને શંકર જ પતિ તરીકે પ્રાપ્ત થાઓ.’ સતી વિલીન થયાં. દક્ષયજ્ઞ તૂટવા માંડ્યો. આનો અર્થ એટલો જ કે સત્કર્મ ગમે તેટલું મોટું હોય, પણ બીજાનું અપમાન કરવાની વૃત્તિથી કર્યું હોય તો એ સફળ નહીં થાય. અહીં દક્ષને સત્કર્મનો અહંકાર હતો. આવા યજ્ઞાદિથી બુદ્ધિ વિશુદ્ધ થાય એમ ‘ગીતા’માં કહ્યું છે, પરંતુ સત્કર્મોનો અહંકાર રહી જાય, તો વિકૃતિ આવે. યજ્ઞ નિષ્ફળ ગયો. સતીનો બીજો જન્મ નગાધિરાજ હિમાલયને ત્યાં થયો. હિમાલયે ઉત્સવ મનાવ્યો, દીકરીનો ઉત્સવ મનાવ્યો. મારા સમાજને પ્રાર્થના કરું, દીકરીનો જન્મ થાય તે દિવસે ઘરે સવાયો ઉત્સવ કરજો. સ્ત્રીભ્રૂણ હત્યાની જે મુશ્કેલીઓ સમાજમાં છે અને જે અનર્થો સર્જાયા છે સમાજમાં! હું વિનંતી કરું કે દીકરી જન્મે તો ઘરમાં ખૂબ ઉત્સવ કરજો. દીકરો જન્મે તો સમજવાનું કે એક વિભૂતિ આવી છે, પણ દીકરી જન્મે એને ત્યાં સાત-સાત વિભૂતિઓ આવે છે. ‘કીર્તિઃ શ્રીર્વાક્ચ નારીણાં સ્મૃતિર્મેધા ધૃતિઃ ક્ષમા.’ મતલબ કે કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા એ સાત વિભૂતિઓનાં નામ ‘ભગવદ્ગીતા’કારે લખ્યાં છે. કન્યાનો જન્મ થાય ત્યારે ઉત્સવ મનાવજો. દીકરી મોટી થવા લાગી. એક દિવસ નારદજી આવ્યા. નારદજી દુર્ગાના હાથની રેખા જોઇને ભવિષ્ય ભાખે છે, ‘તમારી દીકરીને જે વર મળશે એ નિર્ગુણ, અમાન, નિર્માની હશે, એ અજન્મા હશે; કોઈ પણ પરિસ્થિતિ એને હર્ષિત નહીં કરી શકે; કોઈ ઘટના એને ગ્લાનિ નહીં આપી શકે; સાક્ષાત્ વિશ્વાસનું રૂપ હોવાને કારણે તમામ સંદેહો મરી ગયા હશે, મોટો જોગી, નિષ્કામ, દિગંબર કાયા હશે; જોનારાને અમંગલ વેશ લાગશે, એવો પતિ દીકરીને મળશે.’ માતા-પિતા રડી પડ્યાં કે આટલી સુંદર દીકરી, મોટી ઉંમરે મળી અને એને આવો પતિ મળશે! મા-બાપને દુઃખનાં આંસુ હતાં, પણ પાર્વતીની આંખમાં હર્ષનાં આંસુ હતાં. એણે વિચાર્યું કે વરનાં જે-જે દૂષણો બતાવ્યાં એ તો ભગવાન શંકર ધરાવે છે! જેની મારી માગણી છે એ જ પ્રભુ મને મળશે. પાર્વતીજી તપ કરવા માટે તૈયાર થાય છે. બહુ કઠિન તપ કર્યું છે. આકાશવાણી થાય છે, ‘તમારા મનોરથો પૂરા થયા દેવી! તમને શંકર મળશે.’ સતીના વિયોગમાં શિવજી પરિભ્રમણ કરતા રહ્યા. શિવના નેમ અને પ્રેમ જોઈને ભગવાન નારાયણ પ્રગટ થયા. પ્રભુએ કહ્યું કે, ‘મહાદેવ, આજ હું તમારી પાસે માગવા આવ્યો છું. સતીએ બીજો જન્મ લીધો છે; બહુ તપ કર્યું છે. મેં આકાશવાણીથી આશીર્વાદ આપ્યા કે તમને શંકર મળશે. હવે હિમાલય તમને નિમંત્રણ આપે ત્યારે એની સાથે લગ્ન કરજો.’ સપ્તર્ષિઓને પાર્વતીની પરીક્ષા માટે શિવે મોકલ્યા. ઘણાં પ્રલોભનો બતાવ્યાં. પાર્વતીએ કહ્યું, ‘કરોડો જન્મો લગી મારી પ્રતિજ્ઞા છે કે પરણું તો શંકરને!’ સપ્તર્ષિઓ રાજી થયા. એમણે શિવજીને કહ્યું, ‘આપે એનો સ્વીકાર કરવો જોઈએ.’ વચ્ચેના અવકાશમાં તાડકાસુર નામનો રાક્ષસ થયો. એણે સમાજને પરેશાન કર્યો. દેવતાઓ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ કહ્યું, ‘આ તાડકાસુરનું નિધન એક જ રીતે થાય. શંકર પરણે, એમને ઘરે દીકરો જન્મે, તો શંકરનો પુત્ર જ તાડકાસુરને મારી શકે.’ દેવતાઓ બ્રહ્માને લઈ શિવજી પાસે આવી પ્રશંસા કરે છે. મહાદેવે કહ્યું, ‘દેવતાઓ, હું જાણું છું, તમે સ્વાર્થી છો. એટલું ન ભૂલો કે તમે દેવ છો, હું મહાદેવ છું.’ બ્રહ્માએ કીધું, ‘દેવતાઓ કહે છે કે હમણાં દેવતાઓમાં કોઈનાં લગ્ન નથી ને જાનમાં જવાનો અવસર આવતો નથી! મેં કીધું, ચાલો શંકરને પ્રાર્થના કરીએ. એ પરણે તો જાનમાં જવા મળે!’ શંકર ભગવાન હસ્યા! કહે, ‘તમે મને ચડાવો અને હું ઘોડે ચડી જાઉં એવું નહીં માનતા. મારા હરિએ આદેશ કર્યો છે એટલે હું પરણવાની હા પાડું છું.’ આમ મહાદેવે પરણવાની હા પાડી.*

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી કિરણ રિજ્જુ, સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશ, ગુજરાત હાઇકોર્ટના જસ્ટીસશ્રીઓની ઉપસ્થિતિ**

# ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટીસ એન્ડ પોલીસી સ્ટડીઝનો પ્રારંભ




## વર્તમાન સમયમાં ગૂનાના બદલાતા પ્રકાર સામે ટેકનોલોજીથી સુસજ્જ ટેકનો લીગલ એક્સપર્ટ માનવબળ આ નવા અભ્યાસક્રમથી દેશને મળશે :મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સ્કુલ ઓફ લો – ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝ ટેકનો લિગલ એક્સપર્ટ એવા ટેકનોલોજીથી સુસજ્જ નિષ્ણાંતોનું માનવબળ દેશને પુરું પાડશે

આ સંદર્ભમાં શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું કે, વર્તમાન સમયમાં ગૂનાના પ્રકારો બદલાયા છે ત્યારે ટેકનોલોજીના સમન્વયથી સાંપ્રત પડકારો ઝીલી લઇ ફોરેન્સીક સાયન્સ એન્ડ જસ્ટિસની મદદથી પૂરાવાઓ અદાલતોમાં રજૂ કરવામાં સરળતા થશે

. આના પરિણામે ન્યાયિક પ્રક્રિયા પણ ઝડપી બનશે.

મુખ્યમંત્રી શ્રી ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી દ્વારા શરૂ થયેલી સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝના શુભારંભ અવસરે સંબોધન કરી રહ્યા હતા.

ભારત સરકારના કાયદા-ન્યાયતંત્ર મંત્રી શ્રી કિરણ રિજ્જુએ આ નવનિર્મિત સ્કુલનો પ્રારંભ કરાવ્યો હતો

આ અવસરે સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશ જસ્ટીસ શ્રી એમ.આર.શાહ, ગુજરાત વડી અદાલના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિશ્રી જસ્ટીસ આર.એમ.છાયા, રાજ્યના કાયદા મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ રાજ્ય વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિશ્રીઓ, ન્યાયવિદો, વિદ્યાર્થીઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે, આ સ્કુલ ઓફ લો-ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝ દ્વારા ‘ડેટા સાયન્સ એન્ડ લો’ ના સમન્વ્ય સાથેના અભ્યાસક્રમોથી પ્રોફેશનલ એજ્યુકેશન મળતું થવાથી ન્યાયિક પ્રક્રિયામાં પણ ભવિષ્યમાં ઝડપ આવશે.

એટલું જ નહિ, ફોરેન્સીક સાયન્સની મદદથી પૂરાવાઓને અદાલતમાં રજૂ કરવામાં પણ સરળતા થશે અને ડિઝીટલ ફોરેન્સીકસ તથા સાયબર ગુનાઓને અટકાવવામાં એક સક્ષમ ઈકો સિસ્ટમ ઉભી થશે.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એમ પણ ઉમેર્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વમાં જે શ્રેષ્ઠ હોય તે ગુજરાતની ધરતી પર હોય તેવા આગવા વિઝનથી ૨૦૦૯માં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની પહેલ રૂપ શરૂઆત ગુજરાતમાં કરી હતી . તેમણે ગૌરવસહ કહ્યું કે, આજે માત્ર ૧૨ જ વર્ષના ટૂંકા ગાળામાં આ યુનિવર્સિટીએ ૭૦ થી વધુ દેશોમાં આગવી ઓળખ ઉભી કરી છે. વિશ્વના દેશોના પોલીસ, ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રના અફસરો અહીં તાલીમ માટે આવતા થયા છે.

મુખ્યમંત્રી શ્રીએ ગુજરાતની આ યુનિવર્સિટીને ઈન્સ્ટીટ્યુશન ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો ગૌરવમય દરજ્જો ગૃહમંત્રીશ્રી અમિતભાઇના પ્રયાસોથી મળ્યો છે તેની પણ ભૂમિકા આપી હતી.

આધુનિક ટેકનોલોજીની મદદથી થતા ગુનાઓના સંદર્ભમાં નવા નિયમોનું નિર્ધારણ અને તેનું પાલન પણ ચોકસાઈ પૂર્વક થવું જ જોઈએ તેમ જણાવતા કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી શ્રી કિરણ રિજિજુ એ કહ્યું કે ફોરેન્સિક ન્યાય અંગે જ્ઞાન આપવામાં અને ફોરેન્સિક ન્યાય સંબંધિત કાયદા નિષ્ણાતોના નિર્માણમાં આ નવનિર્મિત સ્કૂલ મહત્વનું યોગદાન આપશે. ઘણીવાર કેટલાક ચુકાદાઓમાં પુરાવાના સંદર્ભમાં ટેકનોલોજીના અભાવે વિલંબ થતો હોય છે.

આ સ્કૂલના નિર્માણથી ડિજિટલ ફોરેન્સિક અને સાયબર બનાવોને અટકાવવામાં એક મજબૂત સિસ્ટમ ઉભી થશે પરિણામે ન્યાયિક પ્રક્રિયા પણ સરળ અને ઝડપી બનશે આમ ઈઝ ઓફ ગેટિંગ જસ્ટિસની સંકલ્પના સાકાર થશે.

આ યુનિવર્સિટી પાસે રહેલા દીર્ઘ વિઝનને હું જાણું છું તેમ જણાવી શ્રી રિજીજુએ કહ્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા આ યુનિવર્સિટીને જરૂરી એવી તમામ સહાય ઝડપથી પૂરી પડાશે. [illegible]જીએની કૌશલ્યતા - જ્ઞાન તજજ્ઞતાનો લાભ ગુજરાતના આંગણેથી દેશ આખાને મળતો થયો છે.

દેશના અન્યો રાજ્યોને પણ આ ફોરેન્સીક યુનિવર્સિટીની સત્વરે મુલાકાત લેવાનું જણાવતા કહ્યું કે, ન્યુ ઈન્ડિયાની ન્યાયિક પ્રક્રિયાને વધુ ગતિશીલ અને પ્રગતિશીલ બનાવવામાં આ સ્કૂલ મહત્વનો ફાળો આપશે.

મંત્રી શ્રી રિજીજુ એ કહ્યું કે જ્યુડિસરી, લેજિસ્લેચર અને એક્ઝિક્યુટિવ ત્રણેય ક્ષેત્રો રાષ્ટ્ર હિત માટે હંમેશા કાર્યરત છે.

તેમણે ઉમેર્યું કે ન્યાયતંત્ર જે સલાહ સૂચન આપે છે તેની અમારે અમલવારી કરવાની હોય છે. આ અમલવારી સત્વરે થાય એ પણ જરૂરી છે ત્યારે આ યુનિવર્સિટી મદદરૂપ સાબિત થશે.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના કાયદા અને ન્યાય મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ કહ્યું કે, જ્યારે ટેકનોલોજી સાથે ગુનાઓ પણ વધી રહ્યા છે ત્યારે નોલેજ અને ટેકનોલોજી સાથે સમગ્ર સિસ્ટમે અપગ્રેડ થવું જરૂરી છે ત્યારે આ યુનિવર્સિટી વિવિધ અભ્યાસક્રમો થકી સમગ્ર સિસ્ટમને અપગ્રેડ કરી રહી છે. આ યુનિવર્સિટીમાં ૨૦ થી પણ વધુ ટ્રેનિંગ સેન્ટર ચાલી રહ્યા છે જેના થકી દેશને ટેકનોલોજી યુક્ત માનવ સંસાધન પુરુ પડી રહ્યું છે.

મંત્રી શ્રી ત્રિવેદીએ ઉમેર્યું હતું કે, આ સ્કૂલમાંથી પાસ થનાર વિદ્યાર્થીઓ ન્યાય ક્ષેત્રે નેતૃત્વ કરી સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન આપશે. આપણી પાસે પૂરતું માનવ સંસાધન છે અને ટેકનોલોજી પણ છે. જરૂર છે માત્ર માનવ સંસાધનને ટેકનોલોજી યુક્ત બનાવી એક સુંદર ઈકોસિસ્ટમ તૈયાર કરવાની જે આ યુનિવર્સિટી કરી રહી છે.

આ પ્રસંગે સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી એમ. આર. શાહે કહ્યું કે, આજે રાષ્ટ્રને કાયદાકીય જ્ઞાન અને અભ્યાસ યુકત માનવબળની જરૂર છે જે આ સ્કૂલ થકી પૂરી થશે. હવે કાયદા ક્ષેત્ર એક સ્પર્ધાત્મક ક્ષેત્ર બન્યુ છે. આ સ્કૂલના વિદ્યાર્થીઓ આવતીકાલના વકીલો છે, કાયદા સલાહકાર છે તેમ જણાવી શ્રી એમ.આર.શાહે ઉમેર્યુ કે, રાષ્ટ્ર હિતની જવાબદારી આ વિદ્યાર્થીઓના શિરે છે. રાષ્ટ્રની સામાન્ય પ્રજાના પ્રશ્નોના સંતોષકારક નિરાકરણ લાવવામાં આ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો મદદરૂપ થશે.

ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર જે. એન. વ્યાસે સ્વાગત પ્રવચન આપતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડીઝલ ભારતના નિર્માણ ને સાકાર કરવા યુનિવર્સિટીમાં ફોરેન્સિક ક્ષેત્રે અનેકવિધ નવીન પગલાં લઈ રહી છે.આ યુનિવર્સિટી પાંચ પ્રોગ્રામ સાથે શરૂ થઈ હતી અને આજે સિત્તેર પ્રોગ્રામ યુનિવર્સિટીમાં કાર્યરત છે.

આ કાર્યક્રમમાં ફોરેન્સિક યુનિવર્સિટી ના અધિકારીઓ, અધ્યાપકો, આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ. આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

## કેન્દ્રીય ગૃહ મંત્રાલયની નક્સલ પ્રભાવિત રાજ્યો સાથે બેઠક

નવી દિલ્હી , તા.૨૬

અમિત શાહે બેઠક માટે ૧૦ રાજ્યોના મુખ્યમંત્રીઓને બોલાવ્યા છે જેથી તે રાજ્યોની નક્સલી ગતિવિધિઓની માહિતી લઈ શકાય. સાથે જ બેઠકમાં નક્સલીઓનો સામનો કરવા માટે ભરવા પડતા પગલાંઓ અંગે પણ ચર્ચા થશે. બેઠકમાં છત્તીસગઢ ઉપરાંત ઝારખંડ અને ઓડિશા પર વિશેષ ભાર આપવામાં આવશે. કેન્દ્ર ઈચ્છે છે કે, છત્તીસગઢના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષા દળોના અભિયાન તેજ કરવામાં આવે. રાજ્ય પોલીસ ઓપરેશનનું નેતૃત્વ કરે છે. પરંતુ કેટલાક લોકોના મતે બઘેલ સરકારમાં આ ઓપરેશન્સની સંખ્યા ઘટી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રવિવારે નક્સલ પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે એક બેઠક યોજી છે. ગૃહ મંત્રી અમિત શાહ આ મુખ્યમંત્રીઓ સાથે નક્સલ પ્રભાવિત વિસ્તારોની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરશે. એક અહેવાલ પ્રમાણે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ આ બેઠકમાં સામેલ નહીં થાય. જ્યારે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે આ બેઠકમાં સહભાગી બની રહ્યા છે. ઉદ્ધવની સાથે આ બેઠકમાં મહારાષ્ટ્રના મુખ્ય સચિવ સીતારામ કુંતે અને ડીજીપી સંજય પાંડે પણ સામેલ થશે. જોકે છત્તીસગઢના બે પ્રતનિધિઓ પણ આ બેઠકમાં સામેલ થઈ રહ્યા છે. રાજ્યના ડીજીપી અને ચીફ સેક્રેટરી દિલ્હીમાં છે અને તેઓ આ બેઠકમાં સામેલ થશે. બઘેલનો આજે દિલ્હી જવાનો કાર્યક્રમ નથી. તેઓ મહાસમુંદ જશે અને ત્યાં સ્થાનિક કાર્યક્રમોમાં સહભાગી બનશે. આ બેઠક દિલ્હી ખાતેના વિજ્ઞાન ભવનમાં યોજાશે.

## ટીંટોઈ ખાતે ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ આંદોલન, ટીંટોઈમાં એક સાથે ૬૭ ઘરોમાં ગાયત્રી યજ્ઞ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં માનવતાની સેવામાં સંવેદના સાથે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા સંભવતઃ સહાયરૂપ બનવા પ્રયત્નશીલ રહ્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં ગાયત્રી યજ્ઞ એ આધ્યાત્મિક સ્તરે પણ વૈજ્ઞાનિક રીતે સમગ્ર વાતાવરણ શુદ્ધિકરણ માટે સેનેટાઈઝ કરવા માટે શ્રેષ્ઠ ઉપાય છે. હાલની પરિસ્થિતિ ગામ સમસ્ત સામુહિક યજ્ઞ આયોજન કરવા સામુહિક સ્વાસ્થ્યની સુરક્ષાને જોતા યોગ્ય નથી. જેથી ગાયત્રી પરિવાર દ્વારા ટીંટોઈ ખાતે તા. ૨૬ સપ્ટેમ્બર, રવિવારે એક જ દિવસે એક સમયે અલગ અલગ સડસઠ (૬૭) ઘરોમાં ગાયત્રી યજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું. જેથી આ સડસઠ ઘરોમાં યજ્ઞમાં ઔષધીય જડીબુટ્ટીઓ યુક્ત બનાવેલ હવન સામગ્રીની આહુતિ આપવામાં આવી. આ ઔષધિ યુક્ત યજ્ઞિય વાયુના વાતાવરણથી સમગ્ર ટીંટોઈ યજ્ઞમય બની ગયું. સાથે સાથે આ ઘરોમાં યજ્ઞની પૂર્ણાહુતિમાં યજમાનોએ પોતાના જીવનમાં કુરિવાજો, વ્યસનોથી દૂર રહેવા તથા સત્પ્રવૃતિઓ, સદ્વિચારો સાથે જોડાવા સંકલ્પ લેવામાં આવ્યા. આ યજ્ઞ આંદોલન સફળ બનાવવા દરેક ઘેર યજ્ઞ કર્મકાંડ માટે અરવલ્લી જીલ્લાના મોડાસા, ભિલોડા, બાયડ, મેઘરજ, માલપુર, ધનસુરા તાલુકા તેમજ સાબરકાંઠા જિલ્લામાંથી પણ હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, પ્રાંતિજ તાલુકાઓમાંથી ગાયત્રી પરિવારના સાધકો આ ટીંટોઈ ખાતે આવીને ગૃહે ગૃહે યજ્ઞ કરવા પુરોહિતની ભૂમિકા નિભાવી.

ગાયત્રી પરિવાર અરવલ્લી જીલ્લા સંયોજક શ્રી હરેશભાઈ કંસારા એ ઉપરોક્ત માહિતી આપતાં જણાવ્યું કે આ સમગ્ર આયોજનમાં શ્રી અમૃતભાઈ પટેલ, રેવાસ ના નેતૃત્વમાં આયોજન કરવામાં આવ્યું. ટીંટોઈ ખાતેના ગાયત્રી સાધકો દ્વારા તેમજ અરવલ્લી અને સાબરકાંઠા બંને જીલ્લાના ગાયત્રી સાધક ભાઈઓ બહેનો એ આ સમગ્ર આયોજન સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ભારતીય જનતા પાર્ટી મહીસાગર જિલ્લાના કિસાન મોરચો પ્રગતિશીલ ખેડૂત સન્માન કાર્યક્રમ યોજાયો




લુણાવાડા ના રાજપૂત સમાજ . ખાતે રાજ્યના કિસાન મોરચાના અધ્યક્ષ હિતેશ પટેલ .જિલ્લા પ્રમુખ દશરથસિહ સાસંદ રતનસિંહ. જિલ્લા મહામંત્રી પ્રદિપસિંહ. જિલ્લા પ્ર્મુખ રમીલા બેન તથા હાજર રહેલા મહાનુભાવો નુ સ્વાગત જિલ્લા કિસાન મોરચા ના પ્રમુખ દિનેશ ભાઈ પટેલ તથા જિલ્લા મહામંત્રી કાળુભાઈ માછી એ સ્વાગત કર્યુ. જિલ્લા મા અધ્યતન.આધુનિક ખેતી કરી આર્દશ ખેતી કરનાર પ્રગતિશીલ. ખેડૂતો ને સન્માન કરવામાં આવ્યું . કાર્યક્રમ મા જિલ્લા ના ભારતીય જનતા પાર્ટી ના કાર્યકરો તથા પ્ર ગતિશીલ ખેડૂતો તથા ઉત્સાહી કિસાન ભાઈઓ હાજર રહ્યા.

## ચેન્નાઈમાં આઈટીના દરોડા: ૩૦૦ કરોડનું કાળુંનાણું પકડાયું

નવી દિલ્હી , તા.૨૬

આવકવેરા વિભાગની તપાસમાં બહાર આવ્યું હતું કે આ જૂથ ઊંચો વ્યાજદર વસૂલતુ હતુ જેના લીધે તેણે વેરો ચૂકવવાનો આવતો ન હતો. આ ગ્રુપની મોડસ ઓપરેન્ડી એવી હતી કે તેમા મળતી મોટાભાગની વ્યાજ ચૂકવણી ડમી બેક્ર ખાતામાં થતી હતી. તેથી તેને ટેક્સ માટે જાહેર કરવી પડતી ન હતી, એમ આવકવેરા વિભાગના નીતિ ઘડતર વિભાગે જણાવ્યું હતું. આ બેહિસાબી નાણા ગ્રુપની અનસિક્યોર્ડ લોન્સ, સનડ્રાય ક્રેડિટર્સ વગેરે દ્વારા હિસાબી ચોપડામાં લાવવામાં આવતા હોવાનો આરોપ સીબીડીટીએ મૂક્યો હતો. કેટલાય અઘોષિત પ્રોપર્ટી રોકાણો અને અન્ય આવક આ વ્યક્તિઓ દ્વારા દર્શાવવામાં આવી ન હતી, જેનો આ દરોડામાં પર્દાફાશ થયો હતો.સીબીડીટીએ શનિવારે દાવો કર્યો હતો કે આવકવેરા વિભાગે ચેન્નાઈ સ્થિત બે પ્રાઈવેટ સિન્ડિકેટ ફાઈનાન્સિંગ ગ્રુપને ત્યાં દરોડા પાડી ૩૦૦ કરોડનું કાળુ નાણુ પકડ્યું છે. તમિલનાડુની રાજધાનીમાં ૨૩ સપ્ટેમ્બરે ૩૫ સંકુલોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. સીબીડીટીએ જણાવ્યું હતું કે આ દરોડામાં ૩૦૦ કરોડથી પણ વધુ રકમની અઘોષિત આવક અને ૯ કરોડનું બેહિસાબી નાણુ પકડાયું હતું.

## ગાંધીનગર ખાતે ‘પેજસમિતિ મહાસંપર્ક અભિયાન’ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

રાજય સરકારના લોકકલ્યાણના વિવિધ કાર્યો, મહાનગરપાલિકામાં ભાજપાના શાસનમાં થયેલા અનેકવિધ વિકાસકાર્યોનું ભાથું છે. નવનિયુક્ત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અકેશન મોડમાં છે, નવું મંત્રીમંડળ અવિરતપણે જનતાની સેવામાં કાર્યરત છે.કોરોનાકાળમાં પણ ગાંધીનગરમાં ભાજપાનો કાર્યકર્તા અને મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર જનતાની સેવામાં ખડેપગે હતું તે જનતાએ પ્રત્યક્ષ અનુભવ્યું છે. તેમણે પૂર્વ મેયર સહિત ભાજપાની અગાઉ ચૂંટાયેલી પાંખ, ભાજપાના ઉમેદવારો, સિનિયર અગ્રણીઓ, કાર્યકર્તાઓને કોરોના મહામારીના સમયમાં સેવાયજ્ઞ કરવા બદલ બિરદાવ્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીઓ રજનીભાઇ પટેલ, પ્રદીપસિંહ વાઘેલા, મનપા ચૂંટણીના ઇન્ચાર્જઓ પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને અમિત ઠાકરે પ્રાસંગિક ઉદબોધન કરીને વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે ઉપસ્થિત સૌને વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં રાજયસરકારના મંત્રીશ્રીઓ ઋષિકેશ પટેલ, કિરિટસિંહ રાણા, રાઘવજી પટેલ, અર્જુનસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી પ્રદીપસિંહ જાડેજા, મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારો, સિનિયર અગ્રણીઓ, પૂર્વ ધારાસભ્યો, ભાજપાના ઉમેદવારઓ, અમદાવાદ શહેર અને ગાંધીનગર જિલ્લાના ભાજપ સંગઠનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આભારવિધિ મહાનગરના મહામંત્રી ધરમેન્દ્રસિંહ વાઘેલાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહાનગરના મહામંત્રી કનુભાઈ દેસાઈએ કર્યું હતું.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ(વર્ચ્યુઅલ માધ્યમ)ની વિશેષ ઉપસ્થિતિમાં ઓડિટોરિયમ હોલ, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણી સંદર્ભે ‘પેજસમિતિ મહાસંપર્ક અભિયાન‘ કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમના સંબોધનની શરૂઆત પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીને તેમની જન્મજયંતિ નિમિત્તે સ્મરણાંજલિ પાઠવી કરી હતી અને જણાવ્યું હતું કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કરી ડગ્યા વગર અડીખમ રીતે દેશહિતમાં જે કાર્ય કર્યું છે તે બદલ તેમના ચરણોમાં મસ્તક ઝુકાવી નમન કરું છું. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ દેશને અનેક રાષ્ટ્રવાદી નેતાઓ અને કાર્યકર્તાઓની હારમાળા આપી છે. ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા આજે કદમ થી કદમ મિલાવી રાષ્ટ્રસેવાના કાર્યમાં લાગેલો છે. ગાંધીનગર મહાનગર ભાજપાની ટીમ અભૂતપૂર્વ જુસ્સા સાથે કાર્ય કરી રહી છે.

કાર્યકર્તાઓનો ઉત્સાહ અને જનતાનો મૂડ જોતા સ્પષ્ટ લાગી રહ્યું છે કે મનપાની ચૂંટણીમાં ભાજપાના તમામ ઉમેદવારોનો વિજય નિશ્ચિત છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી હરહંમેશ પરિવારભાવના સાથે કાર્ય કરતી આવી છે. આજે ડિજિટલાઈઝેશનનો યુગ છે ત્યારે ભાજપાએ પણ પ્રત્યેક બુથની મતદાર યાદી સહિત પેજસમિતિના સભ્યોનું સંકલન કરી કાર્યકર્તાઓને સરળતા રહે, સુદ્રઢ વ્યવસ્થાપન થઈ શકે તે માટે ‘એપ‘ બનાવી છે તે બદલ હું ભાજપા સંગઠનને અભિનંદન પાઠવું છું. આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયેલા ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, કોઈ પણ ચૂંટણી કાર્યકર્તાઓની મહેનતથી જીતાય છે. ગાંધીનગરના કાર્યકર્તાઓનો જુસ્સો અને આત્મવિશ્વાસ જોતા આગામી ચૂંટણીમાં ભાજપાના તમામ ૪૪ ઉમેદવારોના ભવ્ય વિજયનો મને વિશ્વાસ છે. તેમણે સૌ કાર્યકર્તાઓને પેજસમિતિ પર ભાર આપી મતદારયાદીના પ્રત્યેક પેજ ઉપર ભાજપાને જનતાના આશીર્વાદથી બહુમતી અપાવવા માટે હાકલ કરી હતી સાથે સાથે ટેકનોલોજીના ઉઓયોગ પર પણ ભાર મુક્યો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ

વિષય :." ગણેશોત્સવ,ગણેશજી નું શાસ્ત્રોક્ત મહત્વ,દીકરી દિવસ ની રચના વિષયક રચનાઓ(૨૭-૯-૨૦૨૧)

rËð, - 6

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

-----------------------------------------------

NOG.SS.No : 0059

વિષયઃગણેશોત્સવ.

વિભાગઃ ગદ્ય.

શીર્ષકઃ 'સુખકર્તા- દુઃખહર્તાહ્ન

શબ્દોઃ ૩૧૬

"સુખકર્તા-દુઃખહર્તા ".

પ્યારે' તત્વવેત્તાએ સાચું જ લખ્યુ છે કે જીવનમાં અપનાવેલો એક ઉતમ સિધ્ધાંત તમારા જીવનમાં કોઈ મોટો ફેરફાર લાવી શકે છે, અને તેનું સચોટ અને અનુપમ ઉદાહરણ એટલે વિઘ્નહર્તા ગણેશજી !

પોતાની ફરજપાલન પ્રત્યેની સભાનતા,અને તે માટે ચૂકવવી પડેલી કિંમત! અને સિધ્ધાંતની જાળવણી સામે મળેલું અનુપમ વરદાન !

ક્રોધના આવેશનો ભોગ !

સજીવન થવું ,પણ બેડોળ શરીર?

પ્રથમ પૂજાવવાના અમૂલ્ય આશિષ સાથે સિધ્ધિવિનાયકનું શાશ્વત બિરુદ !

ગણપતીબાપા આપણને તેનાં વિવિધ અંગોનું મહત્વ સમજાવે છે, તેને અનુસરવાનો ઉત્તમ સંદેશ આપે છે.

માનવ શરીર, પણ ઘડ હાથીનું,

સૂપડાં જેવા મોટા કાન,ધ્યાનપૂર્વક સાંભળવા જણાવે છે તો ઝીણી આંખ,દરેક વસ્તુનું બારીક નિરીક્ષણ સૂચવે છે, મોટું પેટ, દરેક વાત બહાર નહીં બોલતાં,પેટમાં રાખવાનું સમજાવેછે સાથે દરેક સારી-નરસી વાતને પચાવવાનું જણાવે છે, તો વાહન, ઉંદર, મનની નાની મોટી ઈરછાઓ ઉપર અંકુશ રાખવા જણાવેછે તો તેમને ભાવતાં મોદક , સર્વેની સાથે જીવનમાં મિઠાશભર્યા સંબંધો રાખી જીવન જીવવાનું સત્ય જણાવે છે ,સમજાવે છે અને જીવવાનો ઉપદેશ આપેછે.

ગણેશજીનું સ્થાપન કર્યા પછી જ સારા-નરસાં પ્રસંગોની શરુઆત થાય ,તેમાં પણ ગણેશવંદનાનુ મહત્વ અદકેરું છે.

દેશમાં ઉજવાતાં વિવિધ તહેવારોમાં ગણેશોત્સવનું સ્થાન મહારાષ્ટ્રભરમાં વિશિષ્ટ છે.

હિન્દુ સંસ્કૃતિ ને વધુ ઉજાગર કરવા અને કોમી એકતા દ્રઢ કરવાનાં ઉચ્ચ આદર્શથી શરૂ કરવામાં આવેલ સાર્વજનિક ગણેશોત્સવ આજે એક અટલ શ્રધ્ધાનું કેન્દ્રસ્થાન બન્યું છે.

ઘર ઘરમાં અને ગલી ગલીમાં

ગણેશોત્સવ મોટા પાયે ઉજવાયછે.

હા,પર્યાવરણ ને લક્ષમાં રાખી

ઈકો ફ્રેન્ડલી, ફક્ત માટીની મૂર્તિ બનાવવાને ઉત્તેજન અપાયું છે તે ઘણું આવકારદાયક કદમ છે.

હા, અવાજનું પ્રદૂષણ વધ્યું છે સાથે સાથે ખોટી દેખાદેખી વધી છે, જે ખતરનાક છે.

એક દિવસથી, દસ દિવસ સુધી

ગણેશજીનું આગમન, પૂજન,

અર્ચના,શ્રધ્ધાના દીપકને વધુ

પ્રજ્વલિત કરે છે .

ભાઈચારાની ભાવના વધુ દ્રઢ બને અને વિઘ્નહર્તા દેવાધિદેવ

શ્રી ગણપતીબાપા, સમગ્ર વિશ્ર્વમાં શાન્તિ સાથે રિધ્ધિ- સિધ્ધિની મહેર વરસાવે તે જ આપણા સૌની નમ્રતાપૂર્વકની પાર્થના- અરજ છે.

"ગણપતીબાપા મોરિયા,

પૂઢચ્યા વર્ષી લવકર યા".

'જય ગણેશ, જય ગણેશ

પ્યારે' એકદંત જય ગણેશ.

જયકાન્ત ઘેલાણી.' પ્યારે '.

-----------------------------------------------

NOG SS No : 102.

શીર્ષકઃ-ગણેશોત્સવ, શાસ્ત્ર વિધિવિધાન ,ગણેશજી ગવ નું મહત્વ.

પ્રકારઃ- ગદ્ય.

વિષયઃ-. શ્રી ગણેશજી નું મહત્વ.

વક્રતુંડ મહાકાય સુર્યકોટી સમપ્રભ નીર વિઘનમ કુરુમેદેવ કાર્યેષુ સર્વદા.

ભગવાન ગણપતિની વંદના સાથે ભગવાન શ્રીનું મહત્વ ,પૂજન વગેરે અંગે આપણે જાણકારી મેળ વીએ.

કોઈપણ કાર્યકર્તા જગતના તમામ લોકો જેનો પ્રથમ પૂજન કરે છે, ગણપતિનું સૌપ્રથમ પૂજા અને વંદન કરવામાં આવે છે. તેના ઘણા બધા નામો છે . વક્રતુંડ, મહાકાય, સૂર્ય જેવા ઘણા પ્રભાવશાળી આમ તો ૧૦૮ કરતાં પણ વધારે નામો છે. શિવપુરાણ તેમજ અનેક પુરાણો અને ધર્મગ્રંથો માં ગણપતિજી વિશે ઘણા બધા ઉલ્લેખો જોવા મળે છે. દુનિયાના બધા દેશોમાં તેનું પૂજન થાય છે ગણેશ પૂજન વિના કોઈપણ કાર્ય પૂર્ણ થતું નથી.

શિવ અને પાર્વતીના પુત્ર, કાર્તિકેયના ભાઈ, રિદ્ધિ-સિદ્ધિના પતિ અને લાભ શુભ તેના પુત્ર છે.

હે ગણપતિ તમે સર્વના કરતા,ધરતા,સર્વ વ્યાપી, જ્ઞાનવિજ્ઞામયી, આનંદમયી, બ્રહ્મા,વિષ્ણુ,મહેશ,સૂર્ય,ચંદ્ર,વાયુ,અગ્નિ,છો.

હાથીની સૂંઢ વિશાળતા,મોટા કાન સર્વ શ્રોતા,ચાર હાથ શુભ કાર્ય સૂચક,વાહન મૂષક,ચતુરાઈથી કાર્ય કરતાનું સૂચક છે.

સત્તા,સમૃદ્ધિ,સંપતિ,વિદ્યા,અને સર્વ સુખદાતા,તેવા શ્રી ગણપતિને વંદન.

રતીલાલ વાયડા.,નવી મુંબઈ.

-----------------------------------------------

NOG SS NO- 0088

વિષય શબ્દ- ગણપતિ દાદાનો ઉત્સવ.. પૂજા.. આરાધના

પ્રકાર- પદ્ય

શીર્ષક- મંગલમૂર્તિ મોરયા

મંગલમૂર્તિ નામ તમારું, પાર્વતીના વહાલા પોયરા..
શિવજીના છોરા તમે ને રિદ્ધિ સિદ્ધિના સાંવરિયા..
વિઘ્નવિનાયક, શુભ વરદાયક ગણપતિ બાપ્પા મોરયા..
માતા-પિતાની પ્રદક્ષિણા ફરી ચોસઠ તીર્થ છે બોલીયા..
પ્રથમ પૂજનના થયા અધિકારી, દેવોના ગણ બનીયા..
બળવાન બુદ્ધિશાળી દાદા, મહાભારતના છો લહિયા..
લંબોદર પીતાંબરધારી, અંકુશ ખડક હાથ ધરીયા..
સુખકર્તા દુઃખહર્તા સ્વામી, મીઠા મોદક ચોરીયા..
મૂષક વાહનની કરી સવારી, ત્રિભુવનમાં રહ્યા વિહરીયા..
અંતરમાં ભક્તિસાગર છલકે, કરુણા કરજે મોરયા..
ભાવે કરી તારું પૂજન કરીએ, આશિષ દેજો બળિયા..
ગજાનન ગણપતિ બાપ્પા, કરે પ્રાર્થના તુજ છૈયા..
દુંદાળા દુઃખભંજન દેવા, ભવ પાર ઉતારો નૈયા..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

-----------------------------------------------

NOG SS No : 0001

શીર્ષક :-- ગણેશ પરિવાર અને ગણેશ પૂજન

આપણે સૌ જાણીએ છીએ કે ભાદરવા સુદ ચોથનો દિવસ એટલે ગણેશચતુર્થી .પૂરા દસ દિવસ ગણેશની સ્થાપના, પૂજન , અર્ચન બધું જ દેશ -- વિદેશમાં પણ ધામધૂમથી કરવામાં આવે છે, અને અગિયારમાં દિવસે એમનું વિસર્જન કરવામાં આવે છે .ઘણી જગ્યાએ દોઢ દિવસ , ત્રણ, પાંચ , સાત , નવ કે અગિયાર દિવસની પણ સ્થાપના કરવામાં આવે છે.

ગણેશજીનું પૂજન કોઈપણ તહેવાર કે શુભ કામમાં સૌથી પહેલાં કરવામાં આવે છે.આથી એમને વિઘ્નહર્તા પણ કહેવાય છે. ગણેશજીના સર્જન વિશે પ્રદેશ મુજબ જુદીજુદી માન્યતાઓ અને કથાઓ જોડાયેલી છે. પરંતુ ગણેશનાં વિવેક રૂપી દર્શન કરાવતી પણ ઘણી કથાઓ જોડાયેલી છે.

આવી જ એક પ્રસિદ્ધ કથા છે જેમાં નારદજીએ શિવજીનાં બંને પુત્ર ગણેશ અને કાર્તિકેયને ઝડપથી પૃથ્વીની ત્રણ પરિક્રમા કરીને આવવાનું કહ્યું અને જે સૌથી પહેલાં પરિક્રમા કરીને આવે તેને કેરી આપવાનું વચન આપ્યું. કાર્તિકેય તો પૃથ્વીની પરિક્રમા કરવા નીકળી પડ્યા. ત્રીજી પરિક્રમા પુરી કરવામાં હતા ત્યારે જ ગણેશજીએ પોતાના માતા — પિતાની ત્રણ વાર પરિક્રમા પુરી કરી અને કહ્યું કે પોતે જીતી ગયા છે. કાર્તિકેયે જ્યારે પુછ્યું કે કેવીરીતે ? તો ગણેશજી બોલ્યા , તમે તો બાહ્ય દુનિયાની પરિક્રમા કરી છે અને મેં મારી દુનિયાની પરિક્રમા કરી છે જે મારા માતા — પિતા જ છે .નારદજીએ ગણેશજીને કેરી આપી એથી અસંમત થયેલા કાર્તિકેય દક્ષિણમાં ચાલ્યા ગયા. તામિલનાડુમાં કાર્તિકેય મુરુગા તરીકે ઓળખાય છે.

.ગણેશજીને દક્ષિણમાં વિદ્વાન બાળક અને બ્રહ્મચારી માનવામાં આવે છે. તો ઉત્તર ભારતમાં ગણેશને બ્રહ્માની બે પુત્રીઓ રિદ્ધિ અને સિદ્ધિ નામની પત્ની છે એવી માન્યતા છે અને શુભ — લાભ નામના બે પુત્ર છે એવી પણ માન્યતા છે.

આમ શિવજીના પુત્ર , રિદ્ધિ સિદ્ધિ ના પતિ તરીકે ગણેશજીને હિંદુ દેવી દેવતાઓમાં સૌથી પ્રથમ સ્થાન અપાયું છે. ગણેશનું વાહન ઉંદર છે જેને મૂષક પણ કહે છે .ગણોના સ્વામી હોવાનાં કારણે એમને ગણપતિ પણ કહે છે .સર્વ સંકટના હરનાર હોવાથી વિઘ્નહર્તા પણ કહે છે. હાથી જેવું શિશ હોવાથી ગજાનન પણ કહેવાય છે .

આમ ગણેશજીના અનેક નામ છે .પરંતુ આ બાર નામ મુખ્ય છે.

સુમુખ , એકદંત , કપિલ , ગજકર્ણક , લંબોદર , વિકટ , વિઘ્નહર્તા , ધૂમકેતુ , ગણાધ્યક્ષ , ભાલચંદ્ર , ગજાનન .

તેમના પિતા — શિવ , માતા — પાર્વતી , ભાઈ — કાર્તિકેય , બહેન — ઓખા , પત્ની — રિધ્ધિ સિદ્ધિ , પુત્ર — શુભ લાભ , વાહન — મૂષક , પ્રિય ભોજન — મોદક , પ્રિય — દુર્વા અને લાલ રંગના ફૂલ .

જેમ સૂર્ય અંધકારનો નાશ કરે છે , તેમ અમારા સર્વે સંકટ , વિઘ્નોનો નાશ કરનાર ભગવાન ગણપતિનો જય હો ..

પ્રદીપ રાવલ ' સંચાલક '.

-----------------------------------------------

" દીકરી દિવસ ની રચનાઓ "

N.O.G.S.S. 0102

વિષયઃ-વર્લ્ડ ડોટરસ ડે.

પ્રકારઃ-ગદ્ય.

શીર્ષકઃ-વહુ કે દીકરી."

આજે દુનિયા દીકરી દિવસ મનાવે છે , ત્યારે મારે આ એક સત્ય ઘટના આપ સમક્ષ રજુ કરવી છે.

મારે એક દીકરી અને દીકરો છે દીકરી પરણીને સાસરે ગઈ દીકરાનાં લગ્ન થયા અને દીકરી ની જગ્યાએ દીકરાની વહુ એ તેની ખોટ પૂરી પાડી છે.

મારી બીમારી અંગે મારે જામનગર હોસ્પિટલમાં દાખલ થવું પડયું .મારી પત્ની રોજ દીકરી ને ત્યાંથી ચા-પાણી જમવાનું બધુ લાવે અને મારી પાસે બેસતી.

તે મને ટિફિન દેવા માટે સ્કૂટર પર મારા દીકરી ના દિકરા સાથે આવી અને તેનો સાડીનો છેડો સ્કૂટરમાં અટવાઇ જતાં તે પડી ગઈ અને તેના પગના થાપા નું હાડકું તૂટી ગયું .તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરી અને થાપામાં ઓપરેશન કરવું જરૂરી બન્યું .દીકરી, જમાઈ,તેનો પરિવાર સૌ કાળજી રાખતા.

ડોક્ટરે તેને એક મહિના સુધી પથારીમાં જ રહેવાનું સૂચન કર્યું .હવે રોજનું તેનું કાર્ય કરવા માટે મારા પુત્રએ કોઈ બાઈ ને કામ માટે રાખવાનું સૂચન કર્યું .ત્યારે મારા દીકરાની વહુએ કહ્યુંકે કોઈને રાખવાની જરૂર નથી, અને હું બધું કાર્ય કરીશ .અને ત્યાર પછી તો રોજબરોજ તેની સેવા કરતી રહી. બાથરૂમ, સ્નાન કરાવું ,કપડા બદલવાતેનેખાવા-પીવાનું સમય સમય આપવું.વગેરે કાર્યો તેણે એક મહિના સુધી સંભાળી લીધા ,અને હવે એક દીકરી ની ખોટ પૂરી કરી સાસુ તરફ મા જેવો પ્રેમ રાખીને તેને સેવા સુશ્રુષા કરી .તો આજ ની વહુ પણ એક સારી દીકરી બની અને સાસુ સસરા ની સેવા કરેછે. અમે પતિ-પત્ની બંને વૃદ્ધ છીએ તેઓની સાથે જ રહીએ છીએ સવારથી ગરમ નાસ્તો ચા પાણી બંને ટાઇમ જમવાનું આ તમામ કાળજી તે રાખે છે . તે એમ.કોમ. સુધી ભણેલી ઘણી બધી બાબતોમાં કલાપ્રિય હોવા છતાં પણ અમારા ઘરનું તમામ તંત્ર ચલાવે છે. પૌત્ર કોલેજમાં છે.આનંદથી રહીએ છીએ. સાસુ પણ તેને વહુ ન ગણતા દીકરી માને છે. આજના દિવસે દીકરીઓને સમર્પિત.

રતીલાલ વાયડા,નવી મુંબઈ.

NOG.SS.No 0098

विषय:- बिटिया दिवस।

प्रकार:- पद्य।

बेटियां

थोड़ी नटखट, थोड़ी चंचल
थोड़ी नादान होतीं हैं,
माँ की ममता,पिता का
अभिमान होतीं हैं !

🌹 बेटियां घरों की शान होती हैं 🌹

कोयल की कूक
वीणा की तान होतीं हैं,
संगीत के सातों स्वर
सरस्वती का वरदान होतीं हैं!

🌹 बेटियां घरों की शान होती हैं 🌹


मन की शांति
दिल का सकून होतीं है,
कलाई की राखी
दूज का तिलक होती हैं!

🌹 बेटियां घरों की शान होती हैं 🌹

Happy Daughter Day
🌹 🌹 🌹 🌹 🌹

✍️
लीना शर्मा।
हालोल।

ઉદાસી ના મહોરા પેહરી ફરતા ચહેરા
સ્વાર્થ ના બુરખા ઓઢી મળતા ચહેરા
દર્દ ફરિયાદ ને મતલબ પુરા થયા
લાગણી ને લાત મારી ખસતા ચહેરા
ભીત બારી બારણા પોપચા ઢળતા રહ્યા
સુમરતિ ના રુમાલે અશ્રુ લુછતા ચહેરા
ઉંબરા વરડી કે પાદર ની યાદ વાગોળી
સ્પર્શ ની મીઠી ભીનાશે હસતા ચહેરા
દુવા દવા ને પાર્થના ફીરજ થઈ ગયા
હવે શ્રદ્ધા ની ચીગમ ચાવતા ચહેરા
કલાકો દિવસો ને વરસો વીતી ગયા
માદરે વતન ની યાદે ભીજાતા ચહેરા



રણધીર નાયક (ન્યુજર્સી. યુ.એસ.એ)

# ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એવોર્ડ-૨૦૨૧ નો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં યોજાયો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એવોર્ડ-૨૦૨૧ના ગૌરવશાળી સમારોહમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાત વેરાયટી ઓફ ટુરિઝમ સ્પોટસ ધરાવતુ દેશનું એકમાત્ર રાજ્ય છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ડેઝર્ટ ટુરિઝમ, એન્ડવેન્ચર ટુરિઝમ, સ્પીરીચ્યુઅલ એન્ડ રિલીજીયસ ટુરિઝમ તેમજ એન્સીયન્ટ એન્ડ હિસ્ટોરિક ટુરિઝમ, બોર્ડર ટુરિઝમ તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પેટ્રીઓટિક ટુરિઝમ , બિચ ટુરીઝમ સાથે ગુજરાતે પ્રવાસન ક્ષેત્રના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસને સાકાર કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી એ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ અને પ્રવાસન વિકાસ નિગમ લીમીટેડ દ્વારા આયોજીત ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એવોર્ડના બીજા સંસ્કરણ અવસરે ટુરિઝમ-હોસ્પિટાલિટી સેક્ટરના વિવિધ એવોર્ડ પ્રદાન કર્યા હતા.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, કોરોનાની મહામારીને કારણે ટુરિઝમ અને ટ્રાવેલ સેક્ટરને વધુ અસર પડી છે.પરંતુ આપત્તિને અવસરમાં પલટવાની આગવી ખૂમારી સાથે ગુજરાતે પ્રવાસન ઉધોગ ક્ષેત્રના વ્યવસાયને ફરી ધમધમતો કરવામાં સફળ આયામો સર કર્યા છે.

તેમણે ઉમેર્યુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કચ્છના રણને વર્લ્ડ ટુરિઝમ મેપ પર પ્રવાસનનું તોરણ બનાવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉત્સવોને પ્રવાસન સાથે જોડી ફેસ્ટિવલ ટુરિઝમનો નવો કોન્સેપ્ટ દેશને દર્શાવ્યો છે એમ પણ મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યુ હતુ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતે વિકાસની રાજનીતિનો નવો યુગ સ્થાપ્યો હોવાનું જણાવી 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'થી 'સર્વગ્રાહી વિકાસ' દ્વારા આત્મનિર્ભર ભારત, વિશ્વ ગુરુ ભારત બનવા માટે પ્રયાસમાં ટુરિઝમ સેક્ટરનું મોટું યોગદાન રહેલુ છે તેમ પણ મુખ્યમંત્રી શ્રી એ જણાવ્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી એ ઈન્ડસ્ટ્રીયલ પાવર હાઉસ, ગ્લોબલ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બનવાની સાથો-સાથ 'ખુશ્બુ ગુજરાત કી'ના મંત્ર સાથે ગુજરાતના પ્રવાસન વૈવિધ્યને વર્લ્ડ ટુરિઝમ મેપ પર ફરી ધમધમતું કરવાના સંકલ્પ સાથે આગળ વધવા ની નેમ દર્શાવી હતી.

બેસ્ટ ટુરિઝમ સ્પોટ તરીકે ઉભરી રહેલા ગુજરાતને હવે ઓલરાઉન્ડ ટુરિઝમનું હબ બનાવવા રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ હોવાનું મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી એ રાજ્ય સરકાર દ્વારા બોર્ડર ટૂરિઝમની દિશામાં હાથ ધરવામાં આવેલી નવતર પહેલનો ઉલ્લેખ કરી કહ્યું કે , રાજ્યની બહારથી આવનારા પ્રવાસીઓ સીમાઓ વિશે વધુ જાણી શકે એ ઉદ્દેશથી સરહદ દર્શન પર્યટનનો વિકાસ શરૂ કરવામાં આવ્યો છે

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડી યાત્રા અને મીઠાના સત્યાગ્રહના સ્મરણો લોકો સુધી પહોંચે તે ઉદ્દેશથી ગુજરાતના દરિયાકિનારા પર આવેલા દાંડીમાં 'નેશનલ સોલ્ટ મેમોરિયલ'ને એક ઉત્તમ પર્યટન સ્થળના રૂપમાં વિકાસ કરવામાં આવ્યો હોવાનું મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યુ હતુ.

રાજ્ય સરકારે પ્રાચીન ધરોહર, ઐતિહાસિક વિરાસત-ઈમારતો સ્થળોને હેરિટેજ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે પ્રોત્સાહિત કરતી દેશની પ્રથમ હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ જાહેર કરી હેરિટેજ પોલિસીથી ગુજરાતની ખુશ્બુમાં એક નવું પીછું ઉમેર્યુ હોવાનું તેઓએ ઉમેર્યુ હતુ.

ગુજરાતના પ્રવાસનનેવિશ્વ સ્તરે નંબર-૧ ઉપર લઈ જવાના લક્ષ્યાંક સાથે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું જણાવીને પ્રવાસન મંત્રીશ્રી પૂર્ણેશભાઇ મોદીએ કહ્યું હતું કે, પ્રવાસનના વિકાસ થકી વિશ્વભરના પ્રવાસીઓ ગુજરાત તરફ વધુ આકર્ષિત થાય અને ગુજરાતના પ્રવાસી બને તે માટે રાજ્યના તમામ પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

શ્રી મોદીએ ઉમેર્યુ કે, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ગુજરાતમાં છે. એટલું જ નહિ ગુજરાત ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો પણ ધરાવે છે. તે ઉપરાંત ગુજરાત રાજ્ય એ સફેદ રણ, રમણીય પર્વતો, હેરિટેજ સ્થળો, ઐતિહાસિક વાવ, સોમનાથ જ્યોતિર્લિંગ, અંબાજી શક્તિપીઠ સહિતના અનેક નયનરમ્ય પ્રવાસી સ્થળો ધરાવતું રાજ્ય છે. ગુજરાતની ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિરાસતોને વધુ વિકસાવીને વિશ્વના પ્રવાસીઓને પ્રવાસનના માધ્યમથી આકર્ષિત કરવાનો સંકલ્પ છે.

ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એક્સલન્સ અવોર્ડ સમારોહની આજે બીજી એડિશન હતી. જેમાં બેસ્ટ ૩ સ્ટાર હોટેલ, બેસ્ટ ૪ સ્ટાર હોટેલ, બેસ્ટ ૫ સ્ટાર હોટેલ, બેસ્ટ હેરિટેજ હોટેલ, બેસ્ટ ઈકો રીસોર્ટ, બેસ્ટ હોમ સ્ટે એસ્ટાબિલિશમેન્ટ, બેસ્ટ ઈન-બાઉન્ડ ટુર ઓપરેટર, બેસ્ટ ઈન-બાઉન્ડ ટુર ઓપરેટર, અન્ય રાજ્યમાંથી બેસ્ટ ટુર ઓપરેટર ટુ ગુજરાત, બેસ્ટ ટ્રાવેલ ફ્લિટ ઓપરેટર, બેસ્ટ થીમ પાર્ક, બેસ્ટ ટ્રાવેલ બ્લોગર, બેસ્ટ ફોટોગ્રાફર-હેરિટેજ, બેસ્ટ ફોટોગ્રાફર-વાઈલ્ડ એન્ડ નેચર, બેસ્ટ ફોટોગ્રાફર- ટુરિઝમ ડેસ્ટિનેશન્સ, બેસ્ટ ગુજરાતી ક્યુઝિન રેસ્ટોરન્ટ, બેસ્ટ થીમ બેઈઝ્ડ રેસ્ટોરન્ટ, લિડીંગ ટુરિઝમ ઈનિશિએટીવ બાય અ ડિસ્ટ્રિક્ટ, બેસ્ટ બેક્વેટ ફેસિલિટી, બેસ્ટ ટુર ગાઈડ, બેસ્ટ શેફ, બેસ્ટ હેન્ડીક્રાફ્ટ ક્રાફ્ટપર્સન, બેસ્ટ ટ્રાવેલ, ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી ઈન્સ્ટિટ્યુટ, બેસ્ટ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ સ્ટાર્ટ-અપ, બેસ્ટ ઈનોવેટિવ ટુરિઝમ માર્કેટીંગ કેમ્પેઈન, સ્પેશ્યલ કન્ટ્રીબ્યુશન ટુ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડસ્ટ્રી સહિત કુલ ૨૬ પ્રકારની કેટેગરીમાં એવોર્ડ આપવામાં "આવ્યા હતા.

## ક્યાં છે ?

વાંકુંચૂકું આંગણ ક્યાં છે?
ને રેત વગરનું રણ ક્યાં છે?
શબ બાળે ને દાગ મટાડે!
જગમાં એવું ખાંપણ ક્યાં છે?
સાગર ખારો, મોતી મોંઘાં!
દેખો ગણ કે અવગણ ક્યાં છે?
કણ તૂટે ને શ્વાસ વધે તો,
શોધી કાઢો તારણ ક્યાં છે?
ભીતર મારે કાશી - ગંગા!



કેશવ સુથાર, મુ.પો.- વાઘાસણ, તા.- થરાદ

# અરવલ્લી : માલપુરના મઠ વિસ્તારમાં મકાનમાં ભયંકર આગ, સમગ્ર વિસ્તારમાં દહેશત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

માલપુર નગરના મઠ વિસ્તારમાં બંધ મકાનમાંથી આગના લબકારા બહાર જોવા મળતા લોકોના જીવ પડીકે બંધાયા હતા આજુબાજુમાં આવેલા રહેણાંક મકાનોમાં આગ પ્રસરવાની દહેશતના પગલે લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા લોકોએ પાણીનો મારો ચલાવ્યો હતો મકાનમાં આગ લાગતા મોડાસા ફાયરબ્રીગેડ ટીમ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પ્રસરતી અટકાવી હતી મકાનમાં રહેલી ઘરવખરી બળીને ખાખ થઇ ગઈ હતી બંધ મકાનમાં આગ લાગવાનું કારણ અકબંધ રહ્યું છે

માલપુર પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી

રવિવારે સવારે મઠ વિસ્તારમાં એક બંધ મકાનમાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠી હતી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા આજુબાજુમાં રહેતા પરીવારો ઘર બહાર દોડી આવ્યા હતા અને આગ પર કાબુ મેળવવા પાણી મારો ચલાવ્યો હતો આગ બેકાબુ બનતા મોડાસા ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડ ટીમ ફાયર ફાયટર સાથે પહોંચી આગ અન્ય મકાનોમાં પ્રસરે તે પહેલા કાબુ મેળવતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો બંધ મકાનમાં રહેલો માલસામાન અને પતરા પણ આગમાં પીગળી ગયા હતા



અમેરીકાના કેલિફોર્નિયા ના ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ (GSFC) ના લિમિટેડ સિનીયર મિત્રોએ શ્રાવણ માસના છેલ્લા સોમવાર અને અમાસના પવિત્ર પર્વ નિમિત્તે એક નાનકડો પ્રવાસ યોજ્યો હતો અમેરીકાના કેલિફોર્નિયાના ' ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ ના મર્યાદિત સભ્યો પ્રથમ અત્રેના પેસિફિક કૉસ્ટ હાઈવેના ચૅસનટ સિટી ના એક નાનકડા ગેમ પાર્કની મુલાકાત લીધી હતી... આ પાર્કમાં વિશ્વવિભૂતિ જેઓ કોઈ ને કોઈ રીતે એક સરખી વિચાર સરણી ધરાવનાર વિશ્વવિભીતિઓ છે તેઓના વિશાળ કદના તૈલચિત્રો સાથે ગાંધીજીના તૈલચિત્રનું પણ આગવું આકર્ષણ હતું... ત્યાર બાદ વિશાળ લાંબા સાગર બીચની મુલાકાત કરીને આજે પવિત્ર અમાસ હોવાથી સમુદ્રના પાણીમાં પગ ઝબોળી ને શ્રધ્ધા પૂર્વક દર્શન નો લાભ લીધો...ત્યાર બાદ એક મિત્રની મોટેલમાં ખાસ રુદ્રાક્ષ ના વૃક્ષના દર્શન કરી ધન્યતા અનુંભવી...તેમજ આ સ્થળે વૃક્ષપરથી ખરેલાં રુદ્રાક્ષ પણ લીધા..છેલ્લે આ શહેરની ૩૬૫ ફૂટ ઊચીં હીલ પરના સુંદર Hill Top Park ઉપર સાંજનું વાળું પણ કર્યું, ત્યાર બાદ અંતે આ હીલ ટોપ પાર્ક પરથી સૂર્યાસ્તના સુંદર દર્શન કરીને સૌ પોત-પોતાના ઘેર જવા રવાના થયા...

( માહિતી;-ગુણવંતભાઈ પટેલ અને તસ્વિર;-કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા ).

# અરવલ્લી : એલસીબી પોલીસે ફિલ્મી ઢબે ઇકો કારનો પીછો કરી ૨.૫૮ લાખનો દારૂ ઝડપ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દેશી-વિદેશી-દારૂ ઝડપી પાડવા સતત દોડાદોડી કરી રહી છે એલસીબી પોલીસે ફિલ્મીઢબે ઈકો કારનો પીછો કરી શિણાવાડ-ફરેડી રોડ પરથી ઈકો કારમાંથી ૨.૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો એલસીબી પોલીસે પીછો કરતા કારમાં સવાર બે બુટલેગરો ફરાર થઈ જતા પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

અરવલ્લી એલસીબી પીઆઇ વાઘેલાને મુલોજ થી મોડાસા તરફ ઈકો કારમાં દારૂની ખેપ થઈ રહી હોવાની બાતમી મળતા મુલોજ રોડ પર એલસીબી પોલીસે નાકાબંધી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું બાતમી આધારીત ઈકો કાર આવતા કારને અટકાવવાનો ઈશારો કરતા કાર ચાલક નાકાબંધી તોડી કાર દોડાવી મુકતા એલસીબી પોલીસે કારનો પીછો કરતા રોડ પર ફીલ્મી દ્રશ્યો સર્જાયા હતા ઈકો કારના ચાલકે કાર શિણાવાડ-ફરેડી રોડ પર મૂકી ફરાર થઈ જતા પીછો કરતી પોલીસને બીનવારસી ઈકો કાર મળતા કારમાં તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ- ટીન બોટલ નંગ-૧૯૯૫ કીં.રૂ.૨.૫૮ લાખથી વધુનો વિદેશી દારૂ અને ઈકો કાર મળી રૂ.૫.૫૮ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડી ફરાર બંને બુટલેગરો સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી સગીરાને એક મહિના અગાઉ માલપુર તાલુકાનો મોલ્લી ગામનો શૈલેષ મંગાભાઈ બારીયા નામનો યુવક અગાઉ લગ્નની લાલચ આપી અપહરણ કરી ફરાર થઈ જતા સગીરાના પરિવારજનોએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી

મોડાસા પીઆઈ મુકેશ તોમર અને ટીમે સગીરાનું અપહરણ કરનાર શૈલેષ બારીયાને ઝડપી પાડવા તપાસ હાથધરી બાતમીદારો સક્રિય કરતા અપહરણ કરતા શૈલેષ બારીયા સગીરા સાથે ઘરે હોવાની બાતમી મળતા તાબડતોડ રૂરલ પોલીસે મોલ્લી ગામે ત્રાટકી શૈલેષ બારિયાને દબોચી લઈ ભોગ બનનાર સગીરાનો છુટકારો કરાવ્યો હતો રૂરલ પોલીસે શૈલેષ બારીયાને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

# ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપ-આપ પાર્ટીનો લીટમસ ટેસ્ટ

તારીખ -૩/૧૦/૨૦૨૧ ના રોજ યોજાનાર ચૂંટણી માં જાહેર મીટીગો.પ્રચાર ની પૌરાણિક પદ્ધતિ સરકાર નિંકોરોના ત્રીજી લહેર ગાઈડ લાઈન ને અંતર્ગત ચૂંટણી ને મહોત્સવ તરીકે ઉજવનારાઓ ની છાવણી માં રાજકીય શોક છવાઈ ગયો છે.રાજકીય પંકાયેલા કોંગ્રેસ ભાજપ ના વોટ બેંક ના દલાલો માં સંપૂર્ણ નીરસતા દેખાય છે.છાસવારે સેકટર માં રહેલી ઝુપડપટ્ટી માં આપાવેલા ચૂંટણી હકો નો ભરપુર ઉપયોગ કરી કરિયાણું,રોજે રોજ ખાવાનું વહેચી છેલ્લે દિવસ સુધી ઝૂપડા વાસીઓ ને લાલચો આપી તેમના વિતનું રાજકારણ થતું આવ્યું છે. નો રિપિટ ને કારણે ભાજપ ની છાવણી માં સોપો પડી ગયો છે.ભોપાજી ના રાજ માં ગાંધીનગર માં ભોપાળું વળે તો નવાઈ નહી..સ્થાનિક ૨૫ વરસ થી ખાઈબદેલા નેતાઓ માં ગણગણાટ છે કે નો રિપિટ જે લાવ્યા હોય તે ભોગવે..બંધ ગારી માં ના છૂટકે જયાંત્યાં પ્રચાર કરતા જોવા મળ્યા..ભાજપ ના ઉમેદવારો તેમજ તેમના જીવન સંગીની,જીવન સંગનાઓ નો બળાપો છે કે અમને અમારા નેતાઓ જ હરાવશે..જેને પાટનગર ની ભૂગોળ ખબર નથી તેવા ને પ્રચાર માં મોકલાય છે.ઉમેદવાર માટે તો ઘેર લગ્ન હોય તેવો માહોલ એટલે જેમતેમ કરી ચૂંટણી પાર પાડવા રહી.સ્થાનિક પ્રજા માં કોઈજ ઉત્સાહ જોવા મળતો નથી.૫૦% ની અંદર મતદાન થાય તો નવાઈ નહીં...કોંગ્રેસ માં રઘુકુળ રીતિ સદા ચલી આવી ની જેમ પ્રદેશ ના ત્રણ પ્રવક્તા નેતાઓ અને એક બે આજુ બાજુથી ઘેર બેઠેલા નેતાઓ ને લાવી વોર્ડ માં નાની મોટી મીટીગો કરાય છે...જાણે કોંગ્રેસ તો હાર માની ગઈ હોય તેવો સામાન્યતઃ પ્રચાર જોવા મળે છે.જોકે ઉમેદવારો માપસંદગી સારી થયેલ ગણગણાટ છે જેમને સ્થાનિક લોકો કોંગ્રેસી તરીકે ઓળખે છે..સૌથી વધુ ભીડ ભાડ અને પ્રચાર માં આપ પાર્ટી મોખરે છે. જૂતા ફેઈમ બનેલા પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા,મહેશ સવાણી, તેજાબી ટીવી ડીબેટ ના જાણીતા ઈશુદાન ગઢવી તેમજ પૂર્વ કોંગ્રેસી આપ ના જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ અને કર્મચારી આંદોલનકારી પ્રવીણ રામ ઉમેદવારો સાથે સતત ડોર ટુ ડોર સંપર્કમાં તેમજ પ્રેસ કરીને પંતેજબી ભાષામાં પ્રચાર કરતા જોવા મળે છે..આમ પ્રચાર કાર્યમાં સૌ પ્રથમ આપ,કોંગ્રેસ...અને સત્તા ના મદ માં રાચતા ભાજપ ના લોકો ક્રમાનુસાર છે...પીસાતી પ્રજાનો મૂડ યો પરિણામ જ બતાવશે..

# ઓરલ અઝાસાઈટિડીન લૉન્ચ કરનાર ઈન્ટાસ ભારતની પ્રથમ ફાર્માસ્યૂટિકલ કંપની બની

અમદાવાદ

ભારતની અગ્રણી ફાર્માસ્યૂટિકલ કંપનીઓમાંથી એક ઈન્ટાસ ફાર્માસ્યૂટિકલ્સે અઝાડિન-ઓ નામથી ભારતમાં ઓરલ અઝાસાઈટિડીન લૉન્ચ કરનાર પહેલી કંપની બની, એક્યૂટ માયલૉઇડ લ્યૂકેમિયા (એક પ્રકારનું લોહી કેન્સર)ના દર્દીઓની સારવારને વધુ સરળ અને સુવિધાજનક બનાવવા તરફ એક ક્રાંતિકારી પગલું ભર્યું છે.

એક્યૂટ માયલૉઇડ લ્યૂકેમિયાના વયસ્ક દર્દીઓની સારવાર માટે ઓરલ અઝાસાઈટિડીનના ઉપયોગની મંજૂરી આપવામાં આવી છે. આ તે પ્રકારની પહેલી દવા છે જે દર્દીઓના જીવનમાં ૧૦ મહિના સુધીનો વધારો કરી શકે છે તથા કેન્સરની સારવારમાં લાંબા સમયથી અનિશ્ચિત જરૂરિયાતોને પણ પૂર્ણ કરશે.

વર્ષ ૨૦૧૪માં ઈન્ટાસે અઝાડિન (ઈન્જેક્ટેબલ અઝાસાઈટિડીન)ના લૉન્ચ સાથે એમ.ડી.એસ. - માયલૉડિસપ્લાસ્ટિક સિન્ડ્રોમની સારવારમાં એક આદર્શ પરિવર્તન શરૂ કર્યું હતું. અઝાડિન-ઓ એક્યૂટ માયલૉઇડ લ્યૂકેમિયાની સારવાર માટે એક વધુ પ્રગતિશીલ સફળતા છે.

ભારતના અગ્રણી હીમેટોલૉજિસ્ટ પ્રો.ડૉ. એમ.બી. અગ્રવાલે આ લૉન્ચ અંગે પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે, ર્ફ્;એક્યૂટ માયલૉઇડ લ્યૂકેમિયાના દર્દીઓ માટે ઓરલ અઝાસાઈટિડીન અત્યંત ઉપયોગી સાબિત થશે. દર્દીઓને આ પ્રકારની દવાની અત્યંત જરૂરિયાત હતી. આ દવા ચોક્કસથી દર્દીઓના જીવનમાં સ્વસ્થતા તથા ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરશે.'' ઈન્ટાસ ફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડ વિશે, ઈન્ટાસ અમદાવાદ, ભારત સ્થિત અગ્રણી મલ્ટિનેશનલ ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન ડેવલપમેન્ટ, મેન્યુફેક્ચરિંગ અને માર્કેટિંગ કંપની છે. ઈન્ટાસ ૧૮,૦૦૦થી વધુ કર્મચારીઓના કાર્યબળ સાથે ૮૫થી વધુ દેશોમાં પોતાના ઉત્પાદનોના વેચાણ ઉપરાંત વિશ્રૃવભરમાં ૧૪ મેન્યુફેક્ચરિંગ સાઈટ્સ ધરાવે છે. નાણાકિય વર્ષ ૨૦૨૦માં ઈન્ટાસ ગ્રૂપની આવક ૨.૧ અબજ ડોલર હતી અને છેલ્લા ૧૦ વર્ષમાં ઈન્ટાસની આવકમાં સંયુક્ત વાર્ષિક વૃદ્ધિ દર ૨૫%ને પાર ગયો છે. વધુ માહિતી માટે www.intaspharma.comની મુલાકાત લો

# રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધી માનવતા આંતરરાષ્ટ્રીય સન્માન ૨૦૨૧ થી ડો ગુલાબચંદ પટેલ સન્માનિત




સામાજિક કાર્યકર વયસન મુક્તિ અભિયાન પ્રણેતા કે જેઓએ ૩૫૦ થી વધુ સ્કૂલ કોલેજ ખાતે કાર્ય ક્રમ યોજીને વિદ્યાર્થીઓ ને સાચા માર્ગે વાળ્યા છે, તેમજ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજનાર કે જેમણે મહિલાઓ ની જાગૃતિ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ ના દશ જેટલા કાર્યક્રમો યોજ્યા છે. શ્રી, ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ માં ડાયરેક્ટર તરીકે નિયુકત થયેલ અને દર રવિવારે ગરીબ વસાહત માં બાળકો ને બે કલાક ભણાવવા માટે પોતાનો સમય ફાળવે છે તથા હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક, ભાષા ના પ્રચાર પ્રસાર માટે સતત પ્રયત્ન શીલ ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર, અધ્યક્ષ ગુજરાત ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા, તથા અધ્યક્ષ ગુજરાત પ્રદેશ અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ન્યુ દિલ્લી ના કર્મશીલ કાર્યકર ને રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધી માનવતા આંતરરાષ્ટ્રીય સન્માન ૨૦૨૧ થી બાલ રક્ષક પ્રતિષ્ઠાન જલ ગાંવ મહારાષ્ટ્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે

ડૉ ગુલાબચંદ પટેલ ને અધ્યક્ષ ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ ના અધ્યક્ષ શ્રી શૈલેષ વાણિયા જી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ડૉ ગુલાબચંદ પટેલ
અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર

## ચતુર્થ ભારત માતા અભિનંદન દિવસ નિમિત્તે

# ઓન લાઈન કવિ સંમેલનમાં રમેશભાઇ પટેલને તેમની પ્રસ્તુત હિન્દી રચનાને,ચયન સમિતિએ પ્રથમ ક્રમે પુરુષ્કૃત કરી



અમેરીકાના કેલિફોર્નિયા માં રહેતા મૂળ વતન મહિસા(ખેડા)-ગુજરાત, ના રમેશભાઇ પટેલ (આકાશદીપ) ને × ચતુર્થ ભારત માતા અભિનંદન દિવસ નિમિત્તે × ઓન લાઈન કવિ સંમેલન માં તેમની પ્રસ્તુત હિન્દી રચના ને , ચયન સમિતિએ પ્રથમ ક્રમે પુરુષ્કૃત કરી હતી...

ભારત માતા અભિનંદન સંગઠન (હરિયાણા) ગુજરાત પ્રદેશ ઈકાઈ ના અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા × ચતુર્થ ભારત માતા અભિનંદન દિવસ નિમિત્તે × ×સ્વામી વિવેકાનંદજી અને ભારત માતા વિષય પર હિન્દી માં ઑન લાઈન કવિ સંમેલન તારીખ ૧૧મી સપ્ટેમ્બર ના રોજ આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં કુલ મળીને ૭૫ કવિઓ એ રાષ્ટ્ર પ્રેમ ની જ્યોત જલાવી હતી. આ ઓન લાઈન કવિ સંમેલનમાં, તેમની પ્રસ્તુત રચનાને , ચયન સમિતિએ પ્રથમ ક્રમે પુરુષ્કૃત કરી છે. કવિ સંમેલન માં જે કવિ પ્રથમ ક્રમે આવે તો તેને શ્રી પી ડી મિત્તલ અધ્યક્ષ ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા દ્વારા ભારત માતા નો ચાંદી નો સિક્કો આપવાની જાહેરાત કરી હતી જે અન્વયે ગુજરાત ના શ્રી રમેશભાઈ પટેલ ગુજરાત (આકાશદીપ) હાલ કેલિફોર્નિયા ને નિર્ણાયકો ના મતે પ્રથમ ક્રમ આપવામા આવ્યો છે. શ્રી રમેશ ભાઈ પટેલ દ્વારા હિન્દી માં ભારત માતા વિશે કવિતા વીડિયો દ્વારા અને ટાઈપ કવિતા પ્રસ્તુત કરી હતી. તેઓને ચાંદીનો ભારત માતા નો સિક્કો સન્માન પત્ર સાથે સન્માનિત કરી અર્પણ કરવામાં આવશે, સ્વપ્ન જેસરવાકર ગોવિંદભાઈ પટેલ ( હાલ કેલિફોર્નિયા ) દ્વારા શ્રી રમેશભાઈ પટેલ ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. તેમજ ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ (GSFC ) કેલિફોર્નિયા ગ્રુપના તરફથી પણ અમારા માનવંતા કવિ સભ્યને , આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે, ગૌરવવંતી ઉપલબ્ધી માટે આનંદથી અભિનંદન પાઠવીએ છીએ.

# શ્રી બગસરા નાગરિક સહકારી બેંક દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામા આવેલ



જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ અમરેલી ની સુચના અનુસાર તારીખ ૧૭/૯/૨૦૨૧ ના રોજ માનનિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અનુસંધાને બેંક દ્વાર વન વિભાગ ના કર્મચારી ઓની ઉપસ્થિતી મા વૃક્ષારોપણ કાયઁક્રમ યોજવામા આવેલ હતો આ તકે બેંક ના ચેરમેન શ્રી કનુભાઈ પટોળીયા વાઈસ ચેરમેન શ્રી રઘાભાઈ સુરાણી ડીરેકટરશ્રી પ્રકાશભાઈ રાણીંગા વિઠલભાઈ હીરાણી સુરેશભાઈ માંગરોળીયા યુનુસભાઈ બીલખીયા તથા તમામ ડીરેકટરશ્રીઓ તથા ફોરેસ્ટર શ્રી સોલંકીભાઈ વાળાભાઈ તથા બેંક મેનેજરશ્રી તથા તમામ કર્મચારીગણ હાજર રહેલ

# ઓનલાઇન ગુજરાતી કવિ સંમેલન યોજાયું, ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા ઇકાઈ કેપિટલ વર્તમાન



૨૬સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ૧૦:૦૦કલાકે જુમ ઉપર માસિક અહેવાલની સાથે કવિ મુશાયરો કાર્યક્રમનું આયોજન થયું હતું.તે કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ના પ્રમુખ શ્રી ડોક્ટર ગુલાબચંદ પટેલ અતિથિ વિશેષમાં કોકીલાબેન ગોર મુંબઈ થાણે અને મેહમાન તરીકે શ્રી ધર્મેશ જોષી પંચમહાલ પ્રાથમિક શાળા ના આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. મંચ સંચાલન કવિત્રી પ્રીતિબેન પટેલ કૃષા દ્વારા કરવામાં આવ્યું હતું કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.

આવકાર અધ્યક્ષ શ્રી શૈલેષ વાણીયા ×શૈલ× દ્વારા દીપ પ્રાગટ્ય મહેમાનશ્રીઓ દ્વારા સરસ્વતી વંદના મીનાબેન વ્યાસ દ્વારા, શાબ્દિક પુષ્પવર્ષા અધ્યક્ષશ્રી દ્વારા, મહેમાનશ્રીનો પરિચય કવિ શ્રી શૈલેષ વાણીયા શૈલ દ્વારા પ્રસંગોચિત પ્રવચન ગુલાબ સર દ્વારા. કોકીલાબેન જણાવે છે કે પરિવારમાં ચાલતી પ્રવૃત્તિ ખૂબ જ સુંદર છેમને ગમે છે આપ સર્વ ને મારા આશીર્વાદ અતિથિશ્રી ધર્મેશ જોષી જી જણાવે છે કે કેપિટલ વર્તમાન દ્વારા સુંદર સાહિત્ય સેવાઓ થઈ રહી છેમને મોકો આપનાર અધ્યક્ષશ્રી નો ખૂબ ખૂબ આભાર વરિષ્ઠ પત્રકાર શ્રીમાન આદરણીય ઉપેન્દ્ર પટેલ દ્વારા મંચને આશિષ વચનો પાઠવવામાં આવ્યા આખા મહિનાનો અહેવાલ રજૂ કરતાં અધ્યક્ષ શ્રી હર્ષની લાગણી અનુભવે છે. આ પ્રસંગ ને સફળ બનાવવા માટે ઉપસ્થિત સર્વ કવિ મિત્રો નો હ્દયથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો અંતે રાષ્ટ્રગાન પ્રીતિબેન પરમાર પ્રીત દ્વારા રજૂ કરવામાં આવ્યું ડિઝાઈનર અંકિત મેકવાન દ્વારા સુંદર પ્રમાણપત્ર તૈયાર કરવામાં આવ્યું હતું આ પ્રસંગે જેઓ એ પોતાની રચના રજૂ કરી તેઓની નામાવલી આમુજબ છે.

અધ્યક્ષ શૈલેષ વાણીયા ×શૈલ×, પ્રીતિ પરમાર ×પ્રીત×, ડોક્ટર ગુલાબચંદ પટેલ, નિલેશ રાઠોડ ×નીલ×, ઉર્મિલાબેન પરમાર, મીના વ્યાસ, દિનેશ કવિરાજ, ચેતના જોશી, મધુબેન રાઠોડ, મનોજકુમાર પંચાલ, પ્રહલાદ.કે.રાઠોડ.×પ્રફુલ×ભાનુબેન બી પ્રજાપતિ, ભાવના ભટ્ટ અમદાવાદ, વર્ષા પટેલ... હ્વજૌંજિર, મણિલાલ શ્રીમાળી, રેખા પટેલ ×સખી×, જતીનપરમાર'અભિગમ'ભરચ, પંચાલ ગોવિંદલાલ શંકરલાલ, શૈમી ઓઝા ×લફ્ઝ, જે. એન. પટેલ (જગત), જયશ્રી બોરીયા જિજ્ઞાસા યુ જોષી ×શુક×, રાગીની શુક્લ ×રાગ×, હંસાબેન ગઢિયા, દેવીબેન વ્યાસ-વસુધા, કોમલ તલાટી ×શશી×, કલ્પેશ શાહ..કલ્પા.પ્રિતી પટેલ 'કૃષા' પુનિત ડાભી ૧'લવ્ય, હિતેશ સુતરિયા હરીશ, નિલેશ મથુરદાસ બગથરિયા×નીલ ×, પીના પટેલ ×પિક્રી×, મનોજ પંડ્યા ×સનમ×, કોકિલા રાજગોર ×કોયલ× કોકિલા ભીવંડી થાના મુંબઈ , શિલ્પા પટેલ,મીનાક્ષી ત્રિવેદી વડોદરા, નિમિષા સાયગલ ×નિમી× વગેરે અંતે મહેમાન શ્રી ઓના કર કમળ હસ્તે પ્રમાણપત્રક નું વિતરણ કરવામાં આવ્યું ખૂબ જ રસપ્રદ કાર્યક્રમો રહ્યો કવિ મિત્રોનાચહેરા ઉપર સ્મિત જોવા મળ્યું. ભારત માતાની જય

## કાળા ડિબાંગ વાદળો કડાકા-ભડાકાએ ભય સર્જ્યો

# વરસે તો વાગડ ભલોઃ મોડાસા શહેર સહીત અરવલ્લીમાં મેઘરાજાની ધબધબાટી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં કેન્દ્રીત થયેલા સાયકલોનીક સર્કયુલેશન અસર તળે સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે અરવલ્લી જીલ્લામાં વાતવરણમાં એકાએક પલ્ટો આવવાની સાથે કાળા ડિબાંગ વાદળો ધસી આવતા વાતાવરણમાં અંધકારમય બની વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાનું આગમન થયું હતું મોડાસા શહેરમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબકતા શહેરમાં ઢીંચણ સમા પાણી ભરાયા હતા નગરપાલિકા પ્રિમોન્સુન પ્લાન કાગળ પર રહ્યો હોય તેવી સ્થીતી જોવા મળી હતી ગ્રામ્ય વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદના પગલે ખેતીમાં નુકશાન થવાની દહેશત પેદા થતા ખેડૂતો ચિંતીત બન્યા છે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ રાહત અનુભવી હતી.

મોડાસા શહેરમાં મેઘરાજાએ એક કલાકમાં તોફાની બેટીંગ કરતા ઠેર ઠેર પાણી ભરાતા લોકો મરઘરાજાનું રૌદ્ર સ્વરૂપ નીહાળી ભયભીત બન્યા હતા મોડાસા શહેરમાં એક કલાકમાં બે ઈંચ જેટલા ભારે વરસાદને પગલે રોડ ઉપર પાણી ફરી વળ્યાં હતા. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા તંત્રની પ્રિ-મોન્સુનની પોલ ખોલી નાંખી હતી. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને અસહ્ય ઉકળાટથી રાહ મળી હતી.શહેરના

નિચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા અને જેના કારણે વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પકડયો હતો ખાસ કરીને શહેરના ચાર રસ્તા, જુના બસ સ્ટેન્ડ પાછળ, કેદારનાથ સોસાયટી અને લઘુમતી વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા શહેરીજનોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો શહેરના



મુખ્ય અને સોસાયટીના માર્ગો પર પાણી ફરી વળતા કેટલાક નાના વાહન બંધ પડી ગયા હતા રવિવારે બપોરે વીજળીના કડાકા ભડાકા ગાજવીજ સાથે વરસાદ પડયો હતો તેથી મગફળીના પાકોને જીવતદાન મળ્યું હતું, અનેક ખેતરોમાં પાણી ભરાયા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.